
કિંમત ₹ ૫

# શ્રી સ્વામિનારાયણ માસિક

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક ૧૦૯ ● મે ૨૦૧૬



શ્રી સ્વામિનારાયણ મંદિર
કાલુપુરમાં
રામનવમી
શ્રી હરિજયંતી સમૈયો

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧












૧. આપણા પ.પૂ.મોટા મહારાજશ્રીના ૭૩મા પ્રાકટ્યોત્સવ પ્રસંગે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ખાતે ઠારેલા મગસને કેકની જેમ કાપી અમદાવાદ મંદિરના મહંત શા. સ્વામી હરિકૃષ્ણદાસજી તથા અન્ય ધામોધામના સંતો સાથે ઉજવણી કરી હતી. ૨. સાપાવાડા મંદિરના પાટોત્સવ પ્રસંગે નૂતન મંદિરના સ્તંભનું પૂજન કરતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી. ૩. બાલાસિનોર મંદિરના શતામૃત પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ.મહારાજશ્રી. ૪.લુણાવાડામાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળ રજત જયંતી પ્રસંગે યુવા શિબિરમાં આશીર્વચન આપતા પ.પૂ.લાલજી મહારાજશ્રી. ૫. કાંકરિયા મંદિરમાં શ્રી હનુમાન જયંતી નિમિત્તે મારુતિ યજ્ઞમાં આરતી ઉતારતા પ.પૂ.લાલજી મહારાજશ્રી.



# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૧૦ ● અંક : ૧૦૯

મે-૨૦૧૬

(મૂળ વર્ષ ૪૮)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**

**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**

તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**Mo. : 9099098969**
**www.swaminarayan.info**
**www.swaminarayan.in**

એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | ચંદનમ્ | ૬ |
| ૦૪. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી અમૃતવચનો | ૮ |
| ૦૫. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૩ |
| ૦૬. | સત્સંગ બાલવાટિકા | ૧૫ |
| ૦૭. | ભક્તિ સુધા | ૧૮ |
| ૦૮. | પ્રશ્ન પેટી | ૨૧ |
| ૦૯. | સત્સંગ સમાચાર | ૨૩ |



# અસ્મદીયમ્

આપણા ભારત દેશમાં હાલ પાણીની ખૂબજ વિકટ સમસ્યા, પરિસ્થિતિ પેદા થઈ છે. તેમાંય ખાસ કરીને મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશના અમૂક વિસ્તારમાં છેલ્લા બે ત્રણ વરસથી ઓછો વરસાદ થયો છે. આપણા ગુજરાતમાં પણ લગભગ ડેમો અને સરોવરોમાં નહીવત પાણી છે. સરદાર સરોવર ડેમ એક જ હાલ સૌને પાણી પુરુ પાડે છે. જો કે આપણા ત્યાં પાણી ખૂબજ વેડફાય છે. જ્યાં ને ત્યાં નહેર લિકેજ, નળો લિકેજ, ઘરોમાં આવતા પાણીમાં ઘણી જગ્યાએ ખૂબજ દુરપયોગ થાય છે.

જ્યાં પીવાનું પાણી બે ચાર ગાઉથી ભરીને લાવતા લોકોને પૂછજો પાણી કેમ આવે છે ? આપણે સૌએ ખૂબજ કાળજીપૂર્વક પાણીનો ઉપયોગ કરજો. ખોટું પાણી ન વેડફાય તેમજ ઘરના નળમાં લિકેજ થતું હોય તો બંધ કરજો. જ્યારે તમને અઠવાડિયું પાણી નહીં મળે તેવું વિચારીને પાણીનો બચાવ કરતા શીખજો.

આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન સ્વયં વાવ, કૂવા અને તળાવો ખોદાવીને અને પાણીનો સદુપયોગ કરવાનું સૌ આશ્રિતોને સમજાવતા.

માટે વ્હાલા ભક્તો આપણે સૌએ ખાસ ધ્યાનમાં રાખવું કે આપણા ઘર, વાડી, ખેતર આદિ જગ્યાએ પાણીનો ખોટો બગાડ ન થાય તેનું ખાસ કાળજી પૂર્વક જતન કરશો. તેવી અમારી આપ સૌને વિનમ્ર ભાવે ભલામણ છે.

આપણે સૌ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનને પ્રાર્થના કરીએ કે હે મહારાજ આ વરસે સમગ્ર ભારતમાં ખૂબજ સારો વરસાદ વરસાવજો જેથી કરીને અનેક નાના મોટા જીવોની તરસ છીપાય અને જગતનો તાત ખેડૂતને પણ આનંદ આનંદ થઈ જાય.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ



# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(એપ્રિલ-૨૦૧૬)

| | |
|---|---|
| ૬ | શ્રી સ્વામિનારાયણ મંદિર બાલાસિનોર શતામૃત પાટોત્સવ મહોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૭ | ધાકડી (તા. વિરમગામ) ગામે કથા પારાયણ પ્રસંગે પધરામણી. |
| ૧૦-૧૧ | શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ (કચ્છ) અને અંજાર (કચ્છ) પધરામણી. |
| ૧૮ | બાપુનગર એક હરિભક્તને ત્યાં પધરામણી. |
| ૧૯થી ૫ મે | અમેરિકામાં શિકાગો મંદિર કથા પારાયણ પ્રસંગે તથા બાયરનમાં આઈ.એસ.એસ.ઓ. કોન્ફરન્સ તથા નવ નિર્મિત જેકશન વિલે મંદિર નિમિત્તે ધર્મપ્રવાસ. |

**શ્રી સ્વામિનારાયણ માસિકના સભ્યો જોગ**

આપણું શ્રી સ્વામિનારાયણ માસિક છેલ્લા ઘણા વરસોથી દર માસની ૧૧ તારીખે નિયમિત અને ચોક્કસાઈથી સોર્ટિંગ કરીને પોસ્ટ કરવામાં આવે છે. છતાં કોઈ સભ્યને અંક ન મળે તો જે તે માસની **૨૦ તારીખ બાદ** કાર્યાલયમાં મો. નં. ૯૦૯૯૦૯૮૯૬૯ ઉપર જાણ કરવી. અંક સ્ટોકમાં હશે તો ફરીવાર જરૂર મોકલવામાં આવશે. ૨૦ તારીખ સુધી રાહ જોવી.

**ફુલ સ્કેપ ચોપડા અને નોટબુકનું વિતરણ ચાલું છે**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી શ્રીનરનારાયણદેવ યુવક મંડળ દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરથી રાહત દરે ફુલ સ્કેપ ચોપડા - નોટબુકનું વિતરણ ચાલું છે.

**૧ ડઝન ચોપડા રૂા. ૨૦૦/-**
**૧ ડઝન નોટબુક રૂા. ૧૩૦/-**


દરેક યુવક મંડળે પોતાના વિસ્તારના ગામોમાં વિતરણ કરવા સંપર્ક કરવો.

મો. : ૯૮૨૪૦૩૩૧૭૫, ૯૬૬૨૦૨૧૮૨૯

**શ્રી સ્વામિનારાયણ માસિકમાં છાપવા માટે લેખ, સમાચાર અને ફોટોગ્રાફ્સ ઈમેલથી મોકલવા માટે એડ્રેસ**

**shreeswaminarayan9@gmail.com**

**મોબાઈલથી પાડેલા ફોટા છપાશે નહિ**



# ॥ ચંદનમ્ ॥

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

આપણી વૈદિક અને પૌરાણિક પૂજા વિધિમાં પૂજન તથા અર્ચનમાં ચંદનનો ઉપયોગ ખૂબજ પ્રાચીન સમયથી થઈ રહ્યો છે. ચંદનનું આધ્યાત્મિક અને આરોગ્ય બાબતમાં બન્ને પ્રકારે ખૂબજ રહસ્ય સહિત મહત્વ છે. એટલે પૂજા વિધિમાં અતિ મહત્વનું જે તિલક અને ચાંદલામાં ચંદન વપરાય છે.

આધ્યાત્મિક ક્ષેત્રમાં ગળામાં ધારણ કરવાની કંઠી અને જપમાળા ચંદનની ઉત્તમ પ્રકારમાં ગણાય છે. શિક્ષાપત્રી શ્લોક ૪૨ માં શ્રીહરિએ પૂજા વિધિની વિગતમાં લખ્યું છે કે, તે તિલક ગોપીચંદનથી કરવું અથવા ભગવાનની પૂજા કરતાં વધેલા કેસર કંકુ આદિથી યુક્ત એવા ચંદન વડે ઉર્ધ્વપૂંડ તિલક કરવું. ગોપી ચંદન એટલે દ્વારિકા માહાત્મ્યમાં પ્રસિદ્ધ એવી ગોપી તલાવડી જેમાં રાધા સહિત વ્રજની ગોપીઓ શ્રીકૃષ્ણ ભગવાનના સ્વધામ ગમનના સમાચાર જાણીને પોતાના નશ્વર દેહને લીન કર્યો તે ગોપી તલાવડીની મૃતિકા અથવા ભગવાનની પૂજા કરતા બાકી વધેલું જે ચંદન, કેશર અથવા કુંમકુંમથી મિશ્રિત હોય તેના વડે તિલક કરવું. વ્યાસજીએ મદન પારિજાતમાં કહ્યું છે કે, ગોપીકાના દેહના સમૂહમાંથી ઉપજેલી એવી મૃતિકા ને જે વ્યક્તિ ધારણ કરે તે સર્વ પાપ થકી મુક્ત થાય છે. તિલકના મધ્યમાં ગોળ ચાંદલો પણ ગોપી ચંદન અથવા રાધા-લક્ષ્મીજીના પ્રસાદીના કંકુ વડે કરવો.

ચંદન અને વંદન ભગવાનને ખૂબજ પ્રિય છે. ચંદનનું તિલક ધારણ કરીને વંદન કરે તે પ્રભુનો પ્રિય બને છે. એટલે પૂજાના પ્રારંભમાં જ ગોરદાદા ''યજમાન ભાલે તિલકમ્ કુર્યાત્'' એમ કહીને ચંદન તિલક કરાવીને પૂજાનો અધિકારી બનાવે છે.

આપણી વૈષ્ણવ પૂજા પરંપરામાં વૈશાખ સુદ-૩ થી જેઠ સુદી પૂર્ણિમા સુધી દોઢ મહિનો ઠાકોરજીને ચંદનના વાઘા કરવામાં આવે છે. એટલે કે મૂર્તિને ચંદનનો લેપ કરવામાં આવે છે. ચંદનની ગુણ પ્રકૃતિ શિતળતા પ્રધાન છે. ઠંડક આપે છે. ગ્રીષ્મ ઋતુમાં ઠાકોરજીને ચંદનનો લેપ કરવાથી અર્ચા સ્વરૂપને શિતળતા અર્પણ કરવામાં આવે છે. તેમ છતાં ચંદનનો લેપ માત્ર ઠંડક માટે નથી. ચંદનમાં લક્ષ્મીજીનો વાસ છે. ભક્તિ અને શક્તિનું પ્રતિક છે. એટલે તો ચંદનનો લેપ ભગવાનની મૂર્તિને જ કરવામાં આવે છે. પરંતુ રાધાજી લક્ષ્મીજી કે સિતાજી અથવા ભક્તિ માતાને લેપ કરવામાં આવતો નથી. જો માત્ર શિતળતાનુંજ કારણ હોય તો હિમાલય પર બદરિનાથ, કેદારનાથ, મુક્તિનાથ જેવા માઈનશ ડિગ્રી તાપમાનના વાતાવરણમાં પણ ભગવાનને ચંદનની અર્ચા કરવામાં આવે છે તેમજ ચંદન-તુલસી પ્રસાદના સ્વરૂપે ભક્તોને આપવામાં આવે છે. દેવીના કોઈપણ મંદિરોમાં ચંદન વડે નહિ કંકુ વડે જ પૂજા કરવામાં આવે છે. કેમ કે ચંદન એ જ સ્વયં દેવી સ્વરૂપા છે. કદાચ ભક્તની દેવીને ચંદનની અર્ચા કરવાની મનોકામના હોય તો ચંદનમાં કંકુ મિશ્રિત કરીને કરી શકે છે.

વૈશાખ માસ માધવ માસ તરીકે શાસ્ત્રોમાં કહ્યો છે. તો તે માસમાં ચંદનથી લેપન કરવામાં આવે તો ભગવાનની અધિક પ્રસન્નતા પ્રાપ્ત થાય છે. એટલે વૈશાખ

માસમાં ચંદનના વાઘા કરવામાં આવે છે. ચંદનનું અર્ચન કરે તેની સર્વ મનોકામના પૂર્ણ થાય છે. જે વ્યક્તિ ચંદન ઘસીને ભગવાનને અર્પણ કરે તેના ઉપર લક્ષ્મીની કૃપા થાય છે. દરિદ્રતા ટળી જાય છે. ચંદનના વાઘાના દર્શન અવશ્ય કરવાં. પૂજા વિધિમાં પૌરાણિક મંત્ર છે. - **શ્રી ખંડમ ચન્દનમ્ દિવ્યમ્ -**

એટલે કે શ્રી એટલે લક્ષ્મીના અંશ સ્વરૂપ દિવ્ય ચંદન વડે હે પરમાત્મા આપની પૂજા-અર્ચન કરું છું તે અંગીકાર કરો.

વિષ્ણુ સ્વરૂપ શાર્લિંગરામ સ્વરૂપની પૂજામાં અતિ આવશ્યક પૂજા સામગ્રી જેમાં ચંદન અને તુલસીદલનો સમાવેશ કરવામાં આવ્યો છે. તુલસીદલ વૃંદા સ્વરૂપ અને ચંદન રાધા-લક્ષ્મી સ્વરૂપા છે. તુલસીદલના અભાવમાં પ્રતિકુળ સંયોગોમાં જો તુલસીદલ ન મળી શકે અથવા વર્જીત દિવસો પ્રતિકુળ દેશકાળમાં દલને તોડી ના શકાય એવા સમયમાં માત્ર ચંદન વડે શાર્લિંગરામની પૂજા પૂર્ણ કરવાનું વિધાન છે. એટલે કે વંદાદેવી અને લક્ષ્મીના ચંદનમાં મંત્રો વડે અર્પણ કરી શકાય છે. ચંદન અર્ચા કરીને ઉલ્ટા તુલસીપત્ર મૂકવા. અને રાત્રે શયનના સમયે તુલસીદલ પાછા ઉતારી લેવા.



ભગવાનની મૂર્તિને તુલસીદલ ચરણે અને ચંદન ભાલમાં ચડાવવામાં આવે છે.

મહાદેવજીથી લઈને ભગવાનના સર્વ સ્વરૂપોમાં ચંદનની અર્ચન પૂજન કરવામાં આવે છે. પુષ્પો અને બીજા દ્રવ્યોમાં ભિન્નતા છે. પરંતુ ચંદન સર્વ માન્ય દ્રવ્ય તરીકે સ્વીકારવામાં આવ્યું છે.

દક્ષિણ ભારતના રાજ્યોમાં સુખડના વૃક્ષોના મોટા મોટા જંગલ આવેલા છે. તે કાષ્ટને ઘસવાથી ચંદન તૈયાર કરવામાં આવે છે. સુખડના વૃક્ષ આપણા દેશની એક વિશેષતા છે. હાલમાં તે વૃક્ષને કાપવાનો પ્રતિબંધ હોવાથી કિંમત ખૂબજ વધી ગઈ છે. એટલે બનાવટી ચંદને બજારમાં પગ પેસારો કરી દીધો છે. તથા મોજશોખના પદાર્થોમાં ઉપયોગ થવાથી વપરાશ ખૂબજ વધવાના કારણે ભેળસેળ પણ થવાની શક્યતા છે. પરંતુ જે મળે તેને લક્ષ્મીજીનો અંશ માનીને પૂજા કરી લેવી.

ચંદનની અર્ચા કરનાર ભક્ત રાધા-લક્ષ્મીના જેમ ભગવાનને પ્રિય બને છે. પરમાત્માને પ્રિયતમ માનવા અને માણવા તે ચંદનની અર્ચાનું રહસ્ય છે. મંદિરમાં ચંદનના વાઘા કરવા. ભલે ગરમી હોય યા ઠંડી દરેક દેશનું અલગ અલગ વાતાવરણ હોય પરંતુ વૈશાખ માસમાં અવશ્ય ચંદનના વાઘા ધરાવવા એટલે લેપન કરવું. તે પૂજા વિધિનું મહત્વનું અંગ છે. અને હરિભક્તોએ તેમાં સેવા કરવી. ભગવાનનો ચંદન મિશ્રિત જળ વડે મહાભિષેક કરવામાં આવે છે. કેશર મિશ્રિત જળ અને ચંદન મિશ્રિત જળથી અલગ અલગ અભિષેક કરવો.

ભાગવતજીમાં મંગલાષ્ટને વિષે ''સર્વાંગે હરિ ચન્દનમ્ સુલલિતમ્'' એવું વર્ણન આવે છે કે, ભગવાનને ગોપીયો ચન્દન સ્વરૂપે ભગવાનના સ્વરૂપને વિંટાયેલી છે.

આરોગ્યની દષ્ટિએ ચંદનનો ગુણ ઉષ્ણતા શોષક, શરીરમાં રહેલા ઝેર તત્વોનો શોષક, ચર્મરોગ નાશક એલર્જીને શાન્ત કરનાર વિગેરે અનેક પ્રાકૃતિક ગુણોનો અનેક ભંડાર છે. પ્રાકૃતિક ચિકિત્સકો શરીર પર માટી અને ચંદનનો લેપ કરીને અનેક હઠીલા રોગને મટાડે છે.

ચૈત્ર માસમાં ભગવાનના શરીરમાં ઉષ્ણતાનો પ્રવેશ થતો હોય તેને વૈશાખ માસમાં ચંદનનો લેપ કરીને ગરમીની વિકૃતિથી રક્ષણ આપવા ભગવાનના સ્વરૂપને ચંદનનો લેપ કરવામાં આવે છે. આ પણ એક રહસ્ય રહ્યું છે.

જૈન ધર્મના અનુયાયી ચંદન વડે નાનો ચાંદલો કરે છે. તથા શૈવ પરંપરામાં ચંદન વડે ત્રિપુંડ કરવામાં આવે છે.

ચંદનથી તિલક કરનાર વ્યક્તિના ઘરમાં ધન વૈભવ સદાય ભરપૂર રહે છે. તથા પાપ અને ત્રિવિધ તાપનો નાશ કરનાર તેમજ ગ્રહોથી શાંતિ અને રાહત મળે છે.



# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી અમૃતવચનો

- સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

**શ્રી ઘનશ્યામ મહોત્સવ પ્રસંગે - નારાયણઘાટ મંદિર, અમદાવાદ તા. ૨૬-૨-૧૬ :** આપણે ભાગ્યશાળી છીએ કે પ્રસાદીની આ ભૂમિ પર બેસીને આપણે આ મહોત્સવ તથા કથાનું દિવ્ય સુખ લઈ રહ્યા છીએ. આપણી પાસે એક નક્કર ઈતિહાસ છે, કોઈ કિવદંતી નથી. શ્રીજી મહારાજ, નરનારાયણદેવની સંપૂર્ણ કૃપા તથા દેવ સ્વામી, હરિકૃષ્ણ સ્વામી આદિક સંતો જેઓ સર્વે સંતોને સાથે રાખીને ખૂબ પરિશ્રમ કરે છે તથા સત્સંગમાં જેઓને પોતાપણું મનાયું છે તેવા સર્વે હરિભક્તોની તન, મન અને ધનની સેવાથી આવા મહોત્સવો સફળ થતા હોય છે. આ એક ટીમવર્ક છે. આ દેવ મારા છે. મંદિરો આપણા છે. આ સંતો આપણા છે તેવું માનીને હરિભક્તો સેવા કરે છે. ઉત્સવો મહારાજને પ્રિય છે અને મહારાજની આજ્ઞા પણ છે. કારણ કે સત્સંગના ભીડામાં રહેવાથી આપણી ઉણપો દૂર થાય છે અને પરસ્પર સ્નેહ, સંપ તથા આત્મબુદ્ધિની વૃદ્ધિ થાય છે. ઉત્સવ તથા કથાના માધ્યમથી ઘણા જીવાત્માઓ ભગવાન સાથે જોડાય છે. **અને હકીકતમાં કોઈને ભગવાન ઓળખાવીએ તેનાથી આ દુનિયામાં બીજું કોઈ મોટું પુણ્ય નથી. ભગવાન સુધી પહોંચવું એ મનુષ્ય જન્મનો પ્રથમ હેતુ છે.** પૈસાનો અમારે કોઈ વિરોધ નથી. કારણ કે આ અહીં આપણે જે લાઈટ કરી છે તે પણ પૈસા વિના થતી નથી. પરંતુ તે સર્વે સાધનો ઉપયોગમાં લઈને આપણું લક્ષ ભૂલાવું ન જોઈએ. દંડવત્, પ્રદક્ષિણા, કથાવાર્તા આ બધા સાધન છે. પરંતુ એ બધા સાધનની પાછળ જો કોઈ સાધ્ય હોય તો તે એક માત્ર ભગવાન છે. **ભગવાન સુધી પહોંચવું એ બહુ કઠિન હતું પરંતુ મહારાજે આપણા ઉપર અતિશે કૃપા કરીને સરળ બનાવી દીધું છે. મહારાજે સ્વંય મોટા મંદિરોનું નિર્માણ કરાવ્યું અને તેમાં પોતાના સ્વરૂપો પધરાવ્યા.** ત્યાર પછી સમયાંતરે આજ સુધીમાં ઘણા મંદિરો થયા. મંદિર નાનું હોય કે મોટું, ધાતુ પાષાણની મૂર્તિ હોય કે ચિત્ર પ્રતિમા પરંતુ આપણા માટે એ ધાતુ પાષાણ કે ચિત્રની મૂર્તિ નથી. **સાક્ષાત્ પ્રત્યક્ષ ભગવાન આપણને એ મૂર્તિ સ્વરૂપે મળ્યા છે.** (ધર્મવંશી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની સનાતન પરંપરા દ્વારા પ્રતિષ્ઠા થયેલ શ્રીહરિના સ્વરૂપો - શ્રીહરિના વચનથી આપણા માટે પ્રગટ-પ્રત્યક્ષ છે.)

આપણા ઘરે કોઈ મોટા મહેમાન આવ્યા હોય તો તેની સરભરા કે સંભાળમાં આપણે કોઈ કચાશ રહેવા દેતા નથી. તો જો આપણા મંદિરોમાં આપણને મૂર્તિમાં પ્રગટ ભાવ જણાતો હોય તો કેવી મર્યાદા તથા કેવી સંભાળ લેવી જોઈએ એ વિચારવું. એક ગુલાબનું ફુલ કોઈ હરિભક્ત પૂજારીને આપે છે તો પણ આપણા મંદિરોમાં તે ભગવાન સુધી પહોંચે છે. બાકી જગતમાં ભગવાન મેળવવા માટે આજે પણ લોકો કેટલી મહેનત કરે છે. કેટકેટલી તીર્થયાત્રાઓ કરે છે છતાં ભગવાનના સ્વરૂપની ઓળખાણ થતી નથી.

**ભગવાન રાજી થાય તો આપણા પર કંઈ પૈસાનો વરસાદ વરસાવતા નથી કે પુષ્પની વૃષ્ટિ કરતા નથી. પરંતુ સદ્‌બુદ્ધિ આપે છે.** જેનાથી સારા વિચારો આવે છે. મંદિરમાં સત્સંગમાં જવાનું મન થાય છે. સત્સંગમાં

પોતાપણું મનાય છે. **સંતો-ભક્તો દરેક પ્રત્યે ગુણ બુદ્ધિ થાય છે.** દુનિયાની ચિંતા આપણે નહી કરવાની. આપણા આ પરિસરમાં જે સંપ તથા એકતા છે એ કાયમ રહેવી જોઈએ. પઝલ્સની એક ગેમનું દ્રષ્ટાંત અમે અગાઉ કોઈ જગ્યાએ કહ્યું હતું પરંતુ અત્યારે યાદ આવ્યું એટલે ફરી કહીએ છીએ. હવે તો પઝલ્સની રમત બહુ રહી નથી, મોબાઈલ આવી ગયા. પરંતુ અગાઉની આ વાત છે. એક નાની દીકરીના પિતાએ તેની દીકરીને કહ્યું કે આ પઝલ્સમાં જે નાના નાના આડા અવળા ઉંધા-ચત્તા ટૂકડા છે તેને તું એવી રીતે ગોઠવી દે કે એક સરસ દુનિયાના નકશાની આકૃતિ ઉપસી આવે. આગળ ઉપર પણ તને આ કૌશલ્ય કામમાં આવશે. દીકરીએ ઘણી મહેનત કરી. પરંતુ મેળ પડે નહીં. રાત્રી પડી ગઈ. માતા-પિતા પણ નિંદ્રાધિન થયા. પરંતુ દીકરી થાકી નહીં. રાત્રે એકાદ કલાક ગઈ અને અચાનક આકૃતિ બની ગઈ. દીકરી એટલી બધી આનંદમાં આવી ગઈ કે માતા-પિતાને જગાડીને કહે, મારાથી આકૃતિ બની ગઈ ! પિતા કહે, દિવસે ન બની અને અત્યારે એકાએક કેવી રીતે સફળતા મળી ? દીકરી કહે, આ પઝલ્સમા એક ફેમિલી મેમ્બરના જે આડા અવળા અને ઉંધા ચત્તા ફોટા હતા તેને વ્યવસ્થિત ભેગા કર્યા એટલે બાકીની દુનિયાના નકશાની આકૃતિ પણ આપોઆપ ઉપસી આવી. દ્રષ્ટાંત પાછળનો ભાવ એ છે કે આપણે પણ જો એક પરિવારની ભાવનાથી સંપીને રહીશું તથા શ્રીજીમહારાજે આપણને આપ્યા જે શ્રી નરનારાયણાદિક દેવ તેને કેન્દ્રમાં રાખીશું તો આપણી ઉન્નતિ હજુ પણ વધારે ને વધારે થતાજ રહેવાની છે. મહારાજ સત્સંગમાં આવ્યા ત્યારે સૌ પ્રથમ રામાનંદ સ્વામીએ મહારાજને થાંભલાને બાથ ભરીને રહેવાનું કહ્યું હતું, તે શું એ કંઈ ફિઝીકલ થાંભલાને બાથ ભરવાનું કહ્યું હતુ ? ના, આ સત્સંગના જે અંગો છે તેને આપણે સૌએ બાથ ભરીને રહેવાનું છે.

દરેક પ્રસંગની પાછળ ઘણો પરિશ્રમ કરવો પડતો હોય છે. તેની પાછળનું બેક ગ્રાઉન્ડ જોવું કે, આ પરિશ્રમ શા માટે ? બેકગ્રાઉન્ડમાં સંતો અને અમે એક જ લક્ષ રાખીએ છીએ કે અનંત જીવાત્માઓને ભગવાન ઓળખાય, મંદિરોના માધ્યમથી ભજન ભક્તિ થાય, સંસ્કારો જળવાય રહે, આપણા વડીલોએ ખૂબ દાખડો કરીને આપણને સત્સંગ આપ્યો છે તેનાથી આપણે સુખી છીએ. તેજ વારસો આપણે ભાવિ પેઢીને આપીએ. ગૃહસ્થોએ પચાસ, સો કે હજાર રૂપિયા કમાવા માટે પણ ઘણો પરિશ્રમ કરવો પડતો હોય છે તે રૂપિયા તમે સન્માર્ગે વાપરો છો તેનો અમને આનંદ છે. તમારા પૈસા લઈને તેનો લાભ પાછો અમારે તમારા સુધી જ પહોંચાડવાનો હોય છે. હમણાં છેલ્લા ૮-૧૦ મહિનામાંજ ચાર ગામડાઓમાં હરિમંદિરોમાં પ્રતિષ્ઠા કરી. તમારા ઉપર તો અમે રાજી છીએ જ **પરંતુ ગામડાઓમાં નૂતન મંદિર થાય કે જીર્ણોધ્ધાર થાય તેમાં પણ અમે બહુ રાજી થઈએ છીએ. ગામડામાં મંદિર માટે જોઈએ કેટલું ? ૪૦ x ૬૦ ફૂટના હોલમાં ટાઈલ્સ જડાવી દો અને એક પંખો મૂકી દો એટલે ગામ લોકોને ભજન ભક્તિ કરવાની સુગમતા થઈ જાય !** બાળકોમાં સંસ્કારો ઉતરે. હમણાં જ એક સંત ગામડામાં ગયા ત્યારે પ્રથમ ૩-૪ ભક્તો મંદિરે આવતા હતા. સંતે ભગવાનનો મહિમા સમજાવ્યો, ત્યાં રહ્યાં, સત્સંગ કરાવ્યો અને તેના ફળ સ્વરૂપે આજે તે જ મંદિરમાં સંધ્યા આરતીમાં ૧૫૦ ભક્તો ઉભા રહે છે. આજે આપણે અહીં આટલા બધા ભેગા મળ્યા છીએ. ઘણીવાર અમે અને સંતો સ્ટેજ ઉપર ૭-૮ ની સંખ્યામાં હોઈએ અને નીચે સાંભળવા વાળા અમારા કરતા પણ ઓછી સંખ્યામાં હોય તો પણ અમે ત્યાંથી ઉઠીને જતા રહેતા નથી. કારણ કે આપણે જે કંઈ કરીએ છીએ તે નરનારાયણદેવને રાજી કરવા માટે કરીએ છીએ. ટોળા ભેગા કરવામાં અમને રસ નથી, પરંતુ જે ખપવાળા છે એ કોઈ સત્સંગના સુખથી ભગવાનના સુખથી વંચિત ન રહેવા જોઈએ. આપણે સત્સંગનો વ્યાપ વધારવો છે. ભીડ સાથે કોઈ નિસ્બત નથી.

સત્સંગમાં ઘણી આપણી દીકરીઓ પણ એવી છે કે પિયરમાં ૨૦-૨૫ વર્ષ સુધી સત્સંગનું સુખ લીધું હોય પછી શ્વસુર પક્ષે ગામડામાં આપણું મંદિર ન હોય તો મહારાજના સુખનો ખાલીપો વર્તાય, પછી તેવા ગામડાઓમાં આવી દીકરીઓના પ્રયત્નથી પ્રથમ બહેનો જાય, સંતો જાય, અમે જઈએ, ગમે ત્યાં સભા થઈ શકે, ગામડામાં રામજી મંદિર હોય, માતાજીનું મંદિર હોય ત્યાં પણ સભા થઈ શકે, જેના ફળ સ્વરૂપે આપણા મંદિરો

બન્યા છે. કેટલાક યુવાનો વિદેશમાં ખૂબ દૂર દૂર રહ્યા છે. તેઓના માતા-પિતા અહીં રહેતા હોય છે, છતાં વિદેશની ભૂમિમાં જ્યારે અમે જઈએ છીએ ત્યારે જોઈએ છીએ કે કેટલાક યુવાનો અહીંયા કરતા પણ ત્યાં સારો સત્સંગ રાખે છે. ત્યારે અમને ખૂબ આનંદ થાય છે.

તમે સૌએ ખૂબ સેવા કરી છે, અહીં પડદા પાછળ રહીને પણ ઘણાં સંતો-હરિભક્તો સેવા કરતા હોય છે. ત્યારે આપણને તૈયાર ભાણે બેસવાનું મળે છે. તો આવા નામી- અનામી દરેક નાના મોટા હરિભક્તો પરિવાર સહિત ખૂબ સુખી થાય એવી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના. (પ.પૂ. મહારાજશ્રીની તબિયત થોડી નાદુરસ્ત હોવા છતા શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

**પ.પૂ. મોટા મહારાજશ્રી તા. ૨૮-૨-૨૦૧૬ :** નારાયણઘાટનો આ ભવ્ય અને દિવ્ય ઉત્સવ જોઈને અમને ખૂબ આનંદ થયો છે. આ ઉત્સવની સફળતાનું જો કોઈ રહસ્ય હોય, તો એ શ્રી નરનારાયણદેવની કૃપા છે. અમારા નરનારાયણદેવના આચાર્ય, સંતો હોય કે હરિભક્તો હોય દરેકની એક આગવી લાક્ષણિકતા કહો કે વિશેષતા કહો એ જો હોય તો તેઓની શ્રી નરનારાયણદેવ પ્રત્યેની નિષ્ઠા છે. જેના કારણે જે ઉત્સવો શ્રી નરનારાયણદેવની છત્રછાયા નીચે થતા હોય, નરનારાયણદેવ કેન્દ્ર સ્થાને હોય તેવા ઉત્સાવોમાં જ તેઓ સહભાગી થાય છે. **શ્રીનરનારાયણદેવથી જૂદા ઉત્સવો કોઈ કરવા જાય તો સમુદ્ર મડદાને જેમ સંઘરતો નથી, બહાર ફેંકી દે છે તેમ તેવા ઉત્સવ કર્તાઓ નરનારાયણદેવના આ પરિસરમાંથી આપો આપ બહાર ફંકાઈ જાય છે. નરનારાયણદેવનો મહિમા સમજવા માટે વચનામૃત ખાસ કરીને અમદાવાદના તથા જેતલપુરના વાંચીને મનન કરીએ તો જ સમજાય છે.**

ગઢપુરમાં દાદા ખાચર એકવાર નિરાશ થઈ ગયા, મુખ પર ગ્લાનિ લાવ્યા, મહારાજે પૂછ્યું, દાદા ! શું થયું ? કેમ નિરાશ છો ! દાદા કહે, મહારાજ ! આપ હાલ તો અમારી વચ્ચે પ્રત્યક્ષ બિરાજો છો, અમારી કેટલી સંભાળ રાખી રહ્યા છો. પરંતુ જ્યારે મનુષ્ય દેહે અમારી વચ્ચે પ્રત્યક્ષ નહી હો ત્યારે અમારી આવી સંભાળ કોણ લેશે ? ત્યારે મહારાજે કહ્યું કે, દાદા ! મૂંઝાશો નહિ, જ્યારે પૃથ્વી ઉપર મનુષ્ય દેહે નહી હોઈએ ત્યારે હાલમાં જે સંભાળ લઈએ છીએ તેના કરતા પણ વધારે સંભાળ લઈશું ! મહારાજના શબ્દો આજે પણ આપણે સૌ અનુભવીએ છીએ ! **આજે પણ દિવ્ય સ્વરૂપે આપણી વચ્ચે રહ્યા થકા આપણી એટલી જ સંભાળ રાખી રહ્યા છે !** અમદાવાદ શહેરની શોભા આ સાબરમતી રિવરફ્રન્ટથી વધી છે. **પરંતુ રિવરફ્રન્ટની શોભા આપણા આ નારાયણઘાટના મંદિરથી વધી છે !**

સ્કુલનો એક પ્રસંગ યાદ આવે છે. એક વિદ્યાર્થી ઉપર શિક્ષક એટલા મહેરબાન હતા કે તેને પરીક્ષામાં અગાઉથી આખું પ્રશ્નપત્ર આપી દે. ટ્યુશન કરાવે, પરીક્ષામાં કાપલીઓથી ચોરી કરવાની છૂટ આપે, તેમ છતા જ્યારે પરીક્ષાનું પરિણામ આવ્યું ત્યારે તેને **0 (Zero)** માર્કસ આવ્યા. શિક્ષકે પૂછ્યું તો કહે, મેં કંઈ પરીક્ષામાં લખ્યું જ નથી, પેપર કોરું મુક્યું છે. આ પ્રસંગ એટલા માટે કહ્યો કે શ્રીજી મહારાજે આપણને સત્સંગમાં આપવા માટે કંઈ બાકી નથી રાખ્યું, દેવ, આચાર્ય, સંત, શાસ્ત્રો આદિક આપણને આપીને આપણા ઉપર અઢળક ઢળ્યા છે. **જે કંઈ કહેવાનું હતું તે મહારાજે આપણને કાનમાં કહ્યું છે. બોલેલું સાંભળીએ તો સાંભળવામાં કદાચ ફેર પડી જાય, લખેલું વાંચીએ તો કદાચ સમજવામાં ફેર પડી જાય, પરંતુ કોઈ આપણને કાનમાં કંઈક કહે તો એ વાત ભૂલાતી નથી.** તેથી હવે જો આપણે પેપર કોરું મુકી દઈએ તો એ આપણો વાંક છે. માટે ગાંઠ વાળીને આ જન્મ છેલ્લો કરી લેવો.

**શ્રી નરનારાયણદેવના ૧૯૪ મા પાટોત્સવ પ્રસંગે તા. ૧૧-૩-૨૦૧૬ :** આપણે ખૂબ ભાગ્યશાળી છીએ કે આ પ્રસાદીના સભા મંડપમાં આપણે બેઠા છીએ કે જ્યાં પાંચસો પરમહંસોએ મહારાજનું ભજન કર્યું છે. સ્વયં મહારાજે આ ભૂમિ પર દિવ્ય લીલા ચરિત્રો તથા સભાઓ કરી છે. અમે ફલાઈટમાં બુકિંગ કરાવીને અમદાવાદ રાત્રે પોણા બાર વાગ્યે પહોંચ્યા. આ ભૂમિની રજનો કેટલો મહિમા છે. આજે કેટલાય હરિભક્તો વહેલી સવારે આવીને આ મંદિર થતા ચોગાન વાળે છે. મંદિરની રજ ઘેર લઈ જાય છે. મસ્તક પર ચડાવે છે. વહેલી સવારે ત્રણ વાગ્યે તેઓ ઉઠતા હશે. સત્તયુગની વાતોમાં જવાની જરૂર જ નથી. વર્તમાનકાળે દરેકનો ગુણ ગ્રહણ કરો તો જીવન જીવવાની મઝા આવશે. આપણે જેટલું આંખથી

જોઈએ છીએ તેના કરતા પણ અનેકગણું વધારે સંતો હરિભક્તો આજે પણ ભજન કરતા હોય છે. કેટલા લોકો નરનારાયણદેવનું દર્શન કરવા આવે છે ! ભીડ થાય, હરિભક્તોની કોણીયું ખાવી પડે. પરંતુ **સત્સંગના ભીડામાં રહેવામાં જ ખરી મઝા છે !**

ઋષિમુનિઓની વાતો આપણે વાંચીએ છીએ. પરંતુ ભૂતકાળમાં જવા કરતા, વર્તમાન કાળના આપણા આ સંતો જુઓ, ૨૨ વર્ષ જેવી નાની ઉંમરમાં આ સંતો દેવ માટે કેટલું કાર્ય કરતા હોય છે ! કેટલાય લોકોને સત્સંગના માર્ગે વાળે છે ! **સાચો ત્યાગી કે વૈરાગી એજ છે કે જે દેવ માટે કાર્ય કરે છે. દેવનો થઈને રહે છે.** (એ પણ સમજવું જરૂરી છે કે ધર્મવંશી આચાર્યશ્રીની આજ્ઞામાં રહીને જે દેવનું કાર્ય કરે છે તે જ સાચો ત્યાગી છે.) બાકી **દેવને તાબે ન હોય તેવી મોટી મોટી ઈમારતો બાંધવી એ બધો માયિક પ્રપંચ છે, માયિક ઉપાધિ છે.**

ધર્માદાની વાત હમણાં થઈ, તો ધર્માદો આપો તો દેશ વિભાગ પ્રમાણે જ્યાં આપો ત્યાં નરનારાયણદેવની, લક્ષ્મીનારાયણદેવની કે ગોપીનાથજી મહારાજની પાકી પહોંચ મેળવજો. દૂધની થેલી કે એવી નાની મોટી જરૂરિયાતની વસ્તુ કોઈને આપો તેની વાત નથી. ધર્માદાની વાત કરું છું. **ગમે ત્યાં ધર્માદો કે દાન આપવાથી તમારા જ રૂપિયાનો શ્રીહરિએ સ્થાપેલા સાંપ્રદાયિક સિધ્ધાંતો કે બંધારણ તોડવામાં ઉપયોગ થશે. જેનાથી મહારાજ રાજી થતા નથી.** તમારે પૈસા મહેનત-પરિશ્રમ કર્યા વિના તો આવતા નથી. માટે વિચારવું. જેમ સરકારનો ટેક્ષ ભરવો ફરજિયાત છે તેમ દેવનો ધર્માદો કાઢવો પણ ફરજિયાત છે. તમે દેવને આપેલ પૈસાનો લાભ ફરી પાછો તમારા સુધી પહોંચે એવી વ્યવસ્થા અમે કરતા હોઈએ છીએ. જ્યાં નથી ત્યાં સુધી પહોંચે એવો અમે દ્રષ્ટિકોણ રાખીએ છીએ.

ભગવાને જેને જે પાત્ર આપ્યું હોય તે પાત્રને સંપૂર્ણ ન્યાય આપવા દરેકે પૂરતો પ્રયત્ન કરવો જોઈએ. આ પદની ગરિમા રાખવામાં સુખ છે. અમે કાયમી નથી, ભગવાન કાયમી છે. ભગવાને આપણને આપેલા નરનારાયણદેવ કાયમી છે. માટે તેની સાથે જોડાવું, દ્રઢ આશરો કરવો અને દીકરા-દીકરીઓને પણ એ જ સંસ્કાર આપવા. **કોઈ પણ વ્યક્તિ સાથે કોઈ જોડાવાનો પ્રયત્ન કરે તો એ અધવચ્ચે જ લટકી જાય છે !**

અમે એકવાર ગ.પ્ર.પ્ર.નું ચોથું વચનામૃત વાંચતા હતા. મહારાજ કહે, ''ભગવાનના ભક્તને પરસ્પર ઈર્ષ્યા ન કરવી.'' ત્યારે આનંદાનંદ સ્વામી કહે, ''હે મહારાજ ! ઈર્ષ્યા તો રહે છે'' અમને આ વચનામૃત વાંચવામાં બહુજ રુચિ થઈ. એવું નથી લાગતું કે આનંદાનંદ સ્વામી બહુ મરદ કહેવાય ! અતિ નિષ્કપટ કહેવાય ! આવી સભાની વચ્ચે ભગવાનને એમ કહી દે કે ઈર્ષ્યા તો રહે છે. ઈર્ષ્યા કરવી તો એવી કરવી જે જેની ઉપર ઈર્ષ્યા હોય તેના જેવા ગુણને ગ્રહણ કરવા અને પોતાના અવગુણને ત્યાગ કરવા. અને તેવું ન થવાય ને જે ઈર્ષ્યાએ કરીને ભગવાનના ભક્તનો દ્રોહ થાય તેવી ઈર્ષ્યાનો તો ભગવાનના ભક્તને સર્વ પ્રકારે ત્યાગ કરવો.

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ-પંચમ વાર્ષિકોત્સવ પ્રસંગે તા. ૧૧-૩-૨૦૧૬ :** મ્યુઝિયમનો ઉત્સવ કઈ રીતે કરવો તેની વિચારણામાં સંતોને અમે કહ્યું, આપણો આ સત્સંગ પરિવાર એ નિમિત્તે ભેગો થાય. સૌ સાથે મળી સરસ મઝાનો ભોજન પ્રસાદ જમીએ અને આનંદ કરીએ. બાકી તમને બધાને મ્યુઝિયમનો મહિમા છે, ભાવ છે એટલે તો દૂર દૂરથી અહીં સૌ આવ્યા છો, નહિ તો જમવાનું તો આના કરતા પણ ઉત્તમ વાનગીઓ બનાવીને તમે સૌ ઘેર જમી શકો એટલા મહારાજે આપણને સૌને ખૂબ સુખી કર્યા છે.

આપણા મંદિરો હોય કે મ્યુઝિયમ હોય, તેમાં ભક્તોનો ભાવ, ભક્તિ અને સમર્પણ ભળેલ હોય છે જેની સુવાસ કાયમ અનુભવાય છે. જેથી મહારાજે આપણા મંદિરોમાં પધરાવેલી મૂર્તિઓનું તથા મ્યુઝિયમમાં પ્રસાદીની વસ્તુઓનું દર્શન કરતા દિવ્યતાની અનુભૂતિ થાય છે. પરંતુ તે સાથે ભક્તોની જે સેવા છે તેને યાદ કરીએ એટલે મંદિર કે મ્યુઝિયમના પરિસરમાં પ્રવેશ કરીએ એટલે તુરત જ દિવ્યતા અનુભવાય છે ! અમદાવાદ આપણા મંદિરમાં રાધાકૃષ્ણદેવની સામે ચાંદીથી મઢેલા પ્રસાદીના થાંભલાનો ઈતિહાસ આપણે સૌ કોઈ જાણીએ છીએ. આવા સમર્પિત ભક્તો અન્ય ક્યાં જોવા મળે ! પરોક્ષના મંદિરો પૈસાના પ્રાધાન્યથી બનતા હોય છે. કેવળ પૈસાથી કદાચ મોટા મંદિરો બનાવી શકાય, મોટી મૂર્તિઓ પણ

પધરાવી શકાય પરંતુ તેનાથીએ દિવ્યતા ન આવી શકે.

આપણા મંદિરના મગસની પ્રસાદીની જ વાત કરો ને! કેટલાય લોકો આપણા મંદિરમાં મગસમાં રહેલા સ્વાદના રહસ્યનું સંશોધન કરવા આવી ગયા પરંતુ દુનિયામાં અન્ય કોઈ જગ્યાએ એ સ્વાદ આવી શક્યો નથી. પ્રસાદી બનાવવા કેટલાક લોકો મશીનો પણ લઈ આવ્યા. પરંતુ મેળ પડતો નથી. અમે એ લોકોને કહ્યું હતું કે, **અમે તો પ્રસાદીમાં નરનારાયણદેવ ભેળવીએ છીએ. અમારા પ્રસાદ ઉપર તો નરનારાયણદેવની દ્રષ્ટિ પડેલી છે. તેથી અમારા મગસના લાડુનો સ્વાદ પણ સર્વોપરી જ રહેવાનો !**

ટાઈમ ઘણો થયો છે. રસોડું તમારા સૌની રાહુ જુએ છે. અમે રસોડું જોવા ગયા હતા. બહુ સારું બનાવ્યું છે. જોવું પડે ને ! અમે પણ પ્રસાદી લીધી છે. બધા પ્રસાદી લઈને જજો.

પૂ. બાપુજીને મ્યુઝિયમ ખૂબ વહાલું છે. દાસભાઈ હોય, કરશનભાઈ હોય કે પછી આખી ટીમના નાના-મોટા દરેક હરિભક્તો હોય કે જેઓ મ્યુઝિયમને પોતાનું માનીને દેખભાળ રાખી રહ્યા છે તેઓ દરેક ખૂબ ધન્યવાદને પાત્ર છે. કહી સૌને શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

**આ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રીએ આશીર્વચન આપતા કહ્યું કે,** મ્યુઝિયમ માટે અમને સૌ યશ આપે છે. પરંતુ મ્યુઝિયમનું સ્વપ્ન સાકાર થવામાં નાના મોટા દરેક સંતો-હરિભક્તોનું તેમાં યોગદાન રહેલું છે. સૌથી મોટું કારણ હોય તો એ શ્રી નરનારાયણદેવની કૃપા છે. ઘણા એમ કહેતા હોય છે કે મ્યુઝિયમમાં રહેલી પ્રસાદીની વસ્તુઓ મોટા મહારાજશ્રીએ માગીને ભેગી કરીને સંગ્રહિત કરી છે. પરંતુ અમે ક્યાંય વ્યક્તિગત કોઈની પાસે માગવા ગયા નથી. ઘણાને કદાચ ખ્યાલ નહિ હોય પરંતુ મ્યુઝિયમમાં રહેલી ૯૦% પ્રસાદીની વસ્તુઓ શ્રીજી મહારાજે આપેલી અમારી પરંપરામાં સચવાયને રહેલી તે અમે આ મ્યુઝિયમમાં દર્શનાર્થે મુકી છે. જેનો યશ અમારા પૂ. દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને આપવો ઘટે કે જેઓએ અમને દરેક વસ્તુની ઓળખાણ કરાવેલી અને જે ઓળખાણ અમે મ્યુઝિયમમાં મૂકતી વખતે પી.પી. સ્વામી (જેતલપુર), શાસ્ત્રી નિર્ગુણદાસજી સ્વામીને કરાવેલી કે આ વસ્તુ આ છે અને આ વસ્તુ આ છે. આ મ્યુઝિયમમાં જે સોલાર સિસ્ટીમ તેમજ **Preservation Plus** નો આપણે જે લાભ લઈ રહ્યા છીએ તેનો વિચાર તેમજ તેની વ્યવસ્થા એ વિદ્યમાન આચાર્ય મહારાજશ્રીને તેનો યશ આપવો ઘટે.

બીજું, અમે 'વચનામૃતમાં શ્રી નરનારાયણદેવ' નામની જે પુસ્તિકા લખી છે તે ઘણા હરિભક્તો તો દરરોજ વાંચે છે. પરંતુ જેઓએ ન વાંચી હોય તે ખાસ વાંચીને તેનું મનન કરજ્યો. તેમાં પણ ગ.પ્ર.પ્ર. નું ૪૮ મું વચનામૃત કે જેમાં મહારાજે **હરિભક્ત માત્રને આજ્ઞા કરી છે કે નરનારાયણદેવને પૂજામાં રાખશો. તેમાં ક્યાંય દેશ વિભાગ લાગુ પડતો નથી.** અને જેતલપુરનું ત્રીજું... દુષ્ટ વાસના ટાળવાનો તો એ જ ઉપાય છે.... અમે **વચનામૃત ૨૭૩ ની વાત કરીએ છીએ અને વારંવાર કહીએ છીએ કે મહારાજના શબ્દો છે કે અમારામાં અને નરનારાયણદેવમાં રતિભાર ફેર નથી.**

અમારી દ્રષ્ટિએ **સૌથી વધુ ભાગ્યશાળી** એ છે કે સત્સંગમાં ભલે બહુ વર્ષ ન થયા હોય પરંતુ એમ માનતો હોય કે શ્રીજી મહારાજ અને નરનારાયણદેવ એક જ છે અને **સૌથી દુર્ભાગી** જો કોઈ હોય તો એ છે કે સત્સંગમાં જૂના સત્સંગી કહેવાતા હોય અને છતાં એમ માનતા હોય કે શ્રીજી મહારાજ અને નરનારાયણદેવ જુદા છે તેઓની સ્થિતિ તૈયાર પ્રશ્નપત્ર મળી ગયું હોવા છતાં નાપાસ થયા જેવી છે.

મ્યુઝિયમના ઉદ્‌ઘાટન સમયે તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી આવ્યા હતા. તેઓ, જ્યારે હોલ નં. ૮ માં પ્રવેશ્યા ત્યારે અમને ઉભા રાખીને કહે, આ હોલમાં મને કંઈક દિવ્ય અનુભૂતિ થાય છે. માટે આ હોલનું નામ 'મૌન મંદિર' રાખજો. એક રાજકારણીને જો આ પ્રકારની અનુભૂતિ થતી હોય તો આપણા માટે તો આવી અનુભૂતિ સહજ છે.

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઈડરનો આગામી વાર્ષિક પાટોત્સવ જેઠ સુદ-૧૩ તા. ૧૮-૬-૧૬ શનિવાર**

**સાપાવાડા શ્રી સ્વામિનારાયણ મંદિર નવો મોબાઈલ નંબર : ૯૪૦૯૧૩૭૦૮૫**

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી

ઉનાળાના ગરમીના દિવસોમાં અમદાવાદની ગરમી ત્રાહિમામ પોકારાવે છે. પરંતુ આપણા મ્યુઝિયમમાં આવતા જ લોકોને શિતળતાનો અનુભવ થાય છે. મ્યુઝિયમ સંકુલ એ.સી.છે માટે નહી પરંતુ તેની અંદર રહેલી શ્રીજી મહારાજના પાવન દિવ્ય સ્પર્શને પામેલ વસ્તુઓના દર્શન માત્રથી શીતળતાનો અનુભવ થાય છે. હાલમાં વેકેશન નિમિત્તે મ્યુઝિયમમાં ભારે ઘસારો રહે છે. મ્યુઝિયમમાં રહેલા બતકોનો પરિવાર વિસ્તર્યો છે. તે સહ પરિવાર મ્યુઝિયમની લટાર મારવા નીકળે ત્યારે વાતાવરણ વધુ જીવંત લાગે છે. મ્યુઝિયમના બગીચામાં રંગ બેરંગી પુષ્પોની સાથે સાથે શુભત્વ, શીતળતા અને બાપજીનો રાજીપો ઉગે છે. આપણામાં તે પારખવાની - માણવાની સમજ ઉગે તો......

નાચી ઉઠી સુગંધ ને ઝૂમી ઉઠ્યો પવન<br>
તમને નિહાળી ફૂલનાં રંગો હસી પડ્યાં.....<br>
- શેખાદમ આબુવાલા

હાલમાં જ તા. ૨૫-૪-૨૦૧૬ના રોજ મ્યુઝિયમના સ્વપ્ન દ્રષ્ટા પ.પૂ.મોટા મહારાજશ્રીનો ૭૩મો પ્રાકટ્યોત્સવ મ્યુઝિયમના પ્રાંગણમાં બાપજીની મરજી મુજબ ખૂબ જ સાદગી પૂર્વક ઉજવવામાં આવ્યો. પ.પૂ.મોટા મહારાજશ્રી શ્રી નરનારાયણ દેવની શણગાર આરતી ઉતારી ૮:૪૫ કલાકે મ્યુઝિયમમાં પધાર્યા અને આઠ નંબના હોલમાં પણ શ્રી નરનારાયણદેવની આરતી ઉતારી ભક્તોને દર્શનનો લાભ આપ્યો હતો. ત્યારબાદ ધામોધામના સંતો - હરિભક્તોનો નિરંતર પ્રવાહ બાપજીને શુભેચ્છા પાઠવવા આવતો રહ્યો. પ.પૂ.મોટા મહારાજશ્રીએ નવતર પ્રયોગ રૂપે કેકના બદલે આપણા સંપ્રદાયની ઓળખ એવા ઠારેલા મગસને કાપી સૌ ને પ્રસાદ રૂપે આપ્યો હતો. ત્યાર બાદ સંતો અને હરિભક્તો નો અવિરત પ્રવાહ કલાસિકલ લાઈવ સંગીત વચ્ચે ચાલું જ રહ્યો. બાપજીની બેઠક હાલ બહાર ખુલ્લામાં રખાઈ છે તે જગ્યાને જુઈના ફૂલોથી શણગારી હતી તેથી પૂ. બાપજીનું પવિત્ર સાંનિધ્ય અને જુઈની ખૂશ્બુ સાથે સાથે શીતળતાનો પણ અનુભવ થઈ શકતો. ત્યાં ઉપસ્થિત સૌ ને બાપજીના પ્રસન્ન મુખારવિંદના દર્શન થતા પોતાના જીવનમાં કેટલાય વર્ષો વધી ગયાની અનુભૂતિના અંકૂર ફૂટ્યા હશે. તેથી જ તો અમદાવાદની ગરમીનો વિચાર કર્યા વગર સૌ કોઈ બપોર સુધી મ્યુઝિયમમાં જ રોકાયા હતા.

- પ્રફુલ ખરસાણી

---

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન (ફક્ત વોડાફોન ધારકો માટે)**

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.**

**મોબાઈલમાં ct<સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.**



# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - એપ્રિલ - ૨૦૧૬

| | |
|---|---|
| રૂા.૧૬૦૦૦/- | શ્રીસ્વામિનારાયણ મંદિર છપૈયાધામ પારસીપની |
| | પ.પૂ. મોટા મહારાજશ્રીના પ્રાકટયદિન નિમિત્તે સમસ્ત સત્સંગી હરિભકતો |
| રૂા.૧૧૦૦૦/- | શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, વાલી (રાજ.) ના હરિભક્તો મુંબઈવાળા |
| રૂા. ૮૭૦૦/- | શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર (હવેલી) ફુલ મંડળીના બહેનો વતી મ્યુઝિયમમાં અભિષેક નિમિત્તે |
| | પ.પૂ. ગાદીવાળાશ્રીની ચરણ ભેટ અર્પણ |
| રૂા. ૬૧૦૦/- | શ્રી પંકજકુમાર કાળીદાસ પટેલ - રાણીપ |
| રૂા. ૬૦૦૦/- | લવજીભાઈ પ્રેમજીભાઈ સોલંકી - ઠક્કરનગર |
| રૂા. ૫૧૦૧/- | શ્રી ભરતભાઈ ધનજીભાઈ પરમાર- બારડોલી |
| રૂા. ૫૦૦૧/- | ધ્રુવ કુમારરાજેશભાઈ પટેલ |
| | પ.પૂ. મોટા મહારાજશ્રીના પ્રાકટયદિન નિમિત્તે |
| રૂા. ૫૦૦૦/- | શ્રી લાભુભાઈ શીવલાલ પટેલ - કલ્યાણપુરા |
| રૂા. ૫૦૦૦/- | શ્રી ધીરજભાઈ લાભુભાઈ પટેલ - કલ્યાણપુરા |
| રૂા. ૫૦૦૦/- | મીનાબેન કે. જોષી - બોપલ |
| રૂા. ૫૦૦૦/- | વિજયાબેન આર. પટેલ - થલતેજ |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી - એપ્રિલ - ૨૦૧૬

| | |
|---|---|
| ૧૦-૦૪-૧૬ | (સવારે )શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર (હવેલી) ફુલ મંડળીના બહેનો હ. સાં.યોગી મંજુબા તથા ભારતીબા |
| ૧૦-૦૪-૧૬ | (બપોરે) શ્રી કિરણભાઈ આર. બ્રહ્મભટ્ટ (ખંભાતવાળા) વડોદરા |
| ૧૩-૦૪-૧૬ | શ્રી જગદીશભાઈ કેશવલાલ પટેલ (રાજપુરવાળા) રાણીપ |
| ૨૪-૦૪-૧૬ | શ્રી પંકજકુમાર કાળીદાસ પટેલ (ડાંગરવાવાળા) રાણીપ |
| ૨૫-૦૪-૧૬ | સવારે શ્રી સોમાભાઈ ત્રિભોવનદાસ પટેલ પરિવાર (મોખાસણવાળા) યુ.એસ.એ. હ. હેત, મિતેષકુમાર અને સકરીબેન. |
| ૨૫-૦૪-૧૬ | શ્રી ઉપેનભાઈ હરિકૃષ્ણભાઈ શાહ (વિદ્યાનગરવાળા) યુ.એસ.એ. હ. રાજુલ, જય શાહ, તેજશ શાહ - પ.પૂ. મોટા મહારાજશ્રીના પ્રાકટયદિન નિમિત્તે |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
**www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com**



# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## કડવા ચીભડાં મીઠાં થયા

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

મિત્રો ! વાત વિચારો તો ગજબની લાગે હો ! જેમ કે મરચું અને શેરડી બન્ને જોડે જોડે વાવો તો મરચું તીખું થાય છે અને શેરડી ગળી થાય છે. એક જ જમીનમાં જોડે જોડે વાવેલાં, એક સરખું પાણી પાયું છતાં રૂપ, રંગ, આકાર બધાં જુદાં કેમ ? અલગ અલગ સ્વાદ મુકયાં કોણે ? એ જ ભગવાનની લીલા છે. એ સ્વાદ મુકનાર પરમાત્મા છે. પ્રભુ ધારત તો લીમડાંને મીઠો બનાવત અને આંબાને કડવો બનાવત. ભગવાન ધારે તેમ થાય. આવો જ એક પ્રસંગ સ્વામિનારાયણ ભગવાનની જન્મભૂમિ છપૈયામાં બનેલો. ત્યારે હજુ ઘનશ્યામ મહારાજ નાના હતા.

વાત એમ હતી કે છપૈયામાં મીન સરોવર પાસે આપણા ઘનશ્યામ મહારાજના સગા મામા વશરામ તરવાડીની વાડી હતી. ખેતી પણ કરે અને થોડા ભાગમાં એમનું ઘર પણ ત્યાંજ. સમય થતાં તેમણે ખેતરમાં ચીભડી વાવી. જ્યારે ચીભડી વાવી ત્યારે તેમનાં મનમાં એ વિચાર આવ્યો કે જો સારા ચીભડાં થાય તો ઘનશ્યામ આવે ત્યારે તેમને પ્રેમથી જમાડશું. સમય થતાં ચીભડીનાં વેલા પણ ખૂબ સારા થયા. ચીભડાં પણ સારા એવા બેઠાં.

એક દિવસ મામા ચીભડાં પાસે ગયા. ચપ્પુ વડે ચીભડાંનો કટકો કરીને ચાખ્યું. જેવું ચાખ્યું તો એકદમ કડવું. કારેલા કડવાં સારા પણ ચીભડાં કડવા સારા નહીં, તે નુકશાન કરે. વશરામ મામાને થયું કે આ વેલો કદાચ એવો હશે, ચાલો બીજા છેડે જોઉં. ત્યાંથી ચીભડું લઈ ચાખ્યું તો ત્યાં પણ કડવું. ખેતરના ચારે ખૂણે તપાસ્યું પણ બધાં જ વેલામાં ચીભડાં કડવાં. મામા તો ઘરે આવીને બહુ દુ:ખી થઈ ગયા. એ વખતે ઘનશ્યામ મહારાજ મામાને ઘેર હતા. મામાને ચિંતામાં પડેલા જોઈ ઘનશ્યામ મહારાજે પૂછ્યું, મામા ! શાની ચિંતા કરો છો? મામાએ ઘનશ્યામ મહારાજને વાત કરી કે હે ઘનશ્યામ ! ચીભડાં વાવ્યા ત્યારે એવો મનસુબો કર્યો હતો કે ચીભડાં જો સારા થાય તો તમને જમાડીશું. પણ અત્યારે મેં જાતે જઈને ચીભડાં ચાખ્યાં પણ બધાં ચીભડાં એકદમ કડવાં છે. ખાતર-પાણીનો કરેલો ખર્ચ પણ માથે પડ્યો, કરેલી મહેનત પણ બધી નકામી ગઈ અને એથીયે વિશેષ ''તમે જમી નહીં શકો.''

ઘનશ્યામ મહારાજ વિચાર કરવા લાગ્યા કે, મામાને કેટલું દુ:ખ થયું. અમારે કાંઈક કરવું પડશે. પ્રભુ ખેતરમાં ગયાને ખેતરમાંથી ત્રણ-ચાર ચીભડાં લઈ આવ્યા. મામાને કહ્યું કે મામા ! આ ચાખી જુઓ. મામાએ ચાખ્યાં તો ચીભડાં એકદમ મીઠાં સાકર જેવાં હતા. મામાની નવાઈ નો તો પાર ન રહ્યો. મામા અને ઘરના બધા સભ્યો ખેતરે ગયા. ચાખીને ખાતરી કરી જાણ્યું તો બધાં જ ચીભડાં એકદમ મીઠાં હતાં. મામાને તો નવાઈ લાગી કે મેં બધા વેલાના ચીભડાં ચાખ્યાં હતા બધા જ કડવાં હતા અને એ જ વેલાનાં આ ચીભડાં મીઠાં કેવી રીતે થઈ ગયા ! મામાના હરખનો તો પાર જ ન રહ્યો. શ્રી ઘનશ્યામના પ્રતાપે આવું બન્યું છે. પછી તો ઘનશ્યામ મહારાજ પણ મામાના ઘરે આવે અને ચીભડાં આરોગે.

મામાને ઘનશ્યામ મહારાજે કહ્યું કે, મામા ! તમારા મનમાં અમને જમાડવાનો મનસુબો હતો એટલે આ ચીભડાં મીઠા થયાં.

આ ચરિત્રનું રહસ્ય એ છે કે જેમ ચીભડાં કડવાં હોય છે એમ ઘણીવાર જીંદગી પણ કડવી લાગતી હોય છે. એ જીંદગીની કડવાસને દૂર કરવી હોય તો જીવને ભગવાનને સમર્પિત કરશું તો પરમાત્મા જરૂરથી કડવી જીંદગીને ચીભડાંની જેમ મીઠી બનાવી દેશે. અને પ્રભુમય જીંદગી જીવવાનો અનેરો આનંદ પ્રાપ્ત થશે. આપણી ચિંતાઓ ભગવાન દૂર કરી દેશે. ભગવાનનો દ્રઢ આશરો શરણાગતિ એ જ જીવન સમર્પણ છે.

પ્રેમાનંદ સ્વામીએ કીર્તનમાં ગાયું છે કે -

**"પુરૂષોત્તમ સહજાનંદ જાને સુખ રાશી,**
**પ્રેમાનંદ આયો શરન ચરન કો નિવાસી**
**હમ તો એક સહજાનંદ ચરણ કો ઉપાસી...."**

એમ જીંદગીમાં એક નિષ્ઠા, એક ભરોંસો હોય તો ભક્તની જીંદગી કાયમ મીઠી મધ જેવી બની રહે.

●

## આપણું કર્મ એ જ ભક્તિ

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

પ્રવાસમાં જો ભક્તિ મળે તો પ્રવાસ યાત્રા બની જાય. ભોજનમાં જો ભક્તિ ભળે તો ભોજન પ્રસાદ બની જાય. એમ, કોઈ પણ કર્મમાં જો ભક્તિ ભળે તો તે કર્મ પૂજા બની જાય. તે દ્વારા ઉત્તમ ફળની પ્રાપ્તિ થાય છે. જેમ કે બોર વેચવાના વ્યવસાય સાથે તો ઘણાં બધાં લોકો જોડાયેલા હશે, જે બોર ઉતારી ઉતારીને વેચતા હશે તે કર્મ છે. એનાથી કોઈનું કલ્યાણ ન થાય. પરંતુ એજ બોર શબરી શ્રીરામજી માટે ઉતારી લાવતી તે કાર્ય ભક્તિ બની ગયું. અને તે ભક્તિના પ્રતાપે શ્રીરામ એની ઝૂંપડીએ પધાર્યા અને શબરીનું કલ્યાણ કર્યું.

કર્મ કરવા પાછળ શું ભાવ સમાયેલો છે તેનું ખૂબજ મહત્વ છે. જો થોડું પણ બારીકાઈથી નિરીક્ષણ કરવામાં આવે તો ખ્યાલ આવે કે એક એક કર્મ જે આપણા દ્વારા કરવામાં આવે કે તેમાં ક્યો વિચાર છે. જો આટલી બાબતનું ધ્યાન રાખવામાં આવે તો તેનું ફળ ભક્તિના ખાતામાં જમા થઈ રહે છે.

એવી જ વાત સ્વામિનારાયણ ભગવાનનાં ભક્ત એક બહેનના જીવનમાં બની. સ્વામિનારાયણ ભગવાન અનેક જીવાત્માઓનું કલ્યાણ કરવા માટે આ ધરતીને પોતાના ચરણકમળોથી પાવન કરી રહ્યા હતા તે સમયની આ વાત છે. ભક્ત બહેન ઘરનું કાર્ય કરતાં કરતાં પણ સતત સ્વામિનારાયણ ભગવાનનું સ્મરણ કરે. શ્વાસોશ્વાસે જાણે શ્રીહરિનું અખંડ ચિંતવન.

એક દિવસે સવારે નિત્યકર્મ, પૂજા-પાઠથી પરવારી રસોઈ બનાવવાની શરૂઆત કરી. એમના પતિદેવ ખેતરે પહોંચી ગયા હતા અને આ બહેન ભગવાનનું સ્મરણ કરતાં કરતાં રસોઈ બનાવે છે. સરસ મજાના બાજરીના રોટલા ઘડી રહ્યાં છે. એમાં એક રોટલો એકદમ સરસ ફૂલ્યો. ફૂલીને દડા જેવા થયેલા આ રોટલાને જોઈને આ બહેનને મનમાં સંકલ્પ થયો કે આ રોટલો તો મારા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન પ્રેમથી જમે એવો થયો છે. જ્યારે કાંઈ પણ સારૂ બને, કોઈ સારી વસ્તુ દેખાય તો જે જે સહુથી પ્રિય હોય તે જ પ્રથમ યાદ આવે. આ બહેનના શ્વાસોશ્વાસમાં શ્રીહરિનું જ અખંડ ચિંતવન હતું તેથી સારો ફુલેલો રોટલો જોઈને તરત જ શ્રીહરિ યાદ આવ્યા. રોટલા-શાક બધું તૈયાર કર્યું. રોજના નિયમ મુજબ બધું ટોપલામાં ભરીને ટોપલો માથે ઉપાડીને ખેતરના માર્ગે ચાલતા થયા.

જે રસ્તે આ બહેન પસાર થતા હતા તે રસ્તે સામેથી ધૂળની ડમરી ઉડતી દેખાણી. મારતે ઘોડે કોઈ આવી રહ્યું હોય તેવું દેખાણું. થોડીવારમાં તો હવામાં છોગલું ફરકી રહ્યું હતું તે દેખાયું ને આ બહેન તો ઓળખી ગયાં કે મારા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન આવી રહ્યા છે. આ બહેનના હરખનો તો પાર ન રહ્યો. વાહ.... ધન્ય મારા પ્રભુ.... ધન્ય તમારી કૃપા.

**"અમરના સરદાર હરિ મારા નેણાં તણાં શણગાર**
**નેણાં તણાં શણગાર, નટવર માણકીના અસવાર."**

માણકીના અસવાર શ્રીહરિ આ બહેન પાસે આવીને ઉભા રહ્યા. આ બહેને ટોપલો મસ્તક ઉપરથી ઉતારી બાજુમાં મૂક્યો અને નમસ્કાર કર્યા. અચરજ સાથે પૂછ્યું - મહારાજ ! અત્યારે આ બાજુ ! મહારાજ કહે બીજી બધી વાત પછી અમને બહુ ભૂખ લાગી છે. બહેને તો ટોપલો મુકેલી રોટલાની થપ્પીમાંથી એક રોટલો કાઢી મહારાજને આપ્યો. તો મહારાજ કહે, આ નહીં, અમને તો અમારો રોટલો આપો. પછી જે રોટલો બનાવતા સારો ફૂલ્યો હતો અને ભગવાનને જમાડવાનો સંકલ્પ થયેલો એ રોટલો પોતાના હાથમાં લઈ ઠાકોરજી જમવા લાગ્યા. આ બહેન તો રાજી રાજી થઈ ગયા. ધન્ય મારા પ્રભુ ! ધન્ય.

મહારાજ ! હજુ બીજું શાક લ્યો કહી શાક લેવા બહેન નીચે નમીને જ્યાં ઉભા થયા તો ન તો ત્યાં માણકી ઘોડી કે નહી મહારાજ ! મહારાજ પ્રસાદીનો અડધો રોટલો ટોપલામાં મુકીને અદ્રશ્ય થઈ ગયા.

મિત્રો ! જો હૈયામાં સાચો ભાવ હોય તો ભગવાન આજે પણ હાજરા હજુર છે. આપણા સૌના ઘરમાં રસોઈ તો બનતી જ હોય કે હું મારા ઈષ્ટદેવ માટે થાળ બનાવું છું. એવી ભાવના રાખીને પવિત્રતાથી થાળ બને તો ભગવાન જરૂર તેનો સ્વીકાર કરે. ભગવાન ભાવનાના ભૂખ્યા છે, ભભકાના નહીં. જો ભક્ત હૈયામાં ભગવાનને જમાડવાનો સાચો ભાવ જાગે તો ભગવાનને ભૂખ લાગે.

તો ચાલો, "જાગ્યા ત્યાંથી સવાર" ઘરમાં રસોઈ બનાવતાં ભગવાનનું સ્મરણ કરવું એવો નિયમ રાખીશું તો એ ભોજન પ્રસાદ બની જશે અને જમનારનું શ્રેય થશે.

## બાળકો માટે રંગપૂરણી હરિફાઈ



**નોંધ :**

- આ ચિત્રની ઝેરોક્ષ કરાવી રંગ પૂરી ૧૧ જૂન સુધીમાં શ્રી સ્વામિનારાયણ માસિકની ઓફિસમાં પહોંચે તે રીતે મોકલવું
- ૧૪ વર્ષની ઉંમર સુધીના બાળકોએ પોતાની જાતે રંગ પૂરી મોકલવાના રહેશે
- વોટક કલર, પેન્સીલ કલર કે ચોક કલર પૂરી શકાશે
- પહેલું, બીજું અને ત્રીજું એમ ત્રણ વિજેતાને યોગ્ય પુરસ્કાર આપવામાં આવશે.
- ચિત્રની પાછળની બાજું નામ સરનામુ અને કોન્ટેક નંબર લખી મોકલવા

# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી)**
**એકાદશી સત્સંગ સભા પ્રસંગે કાલુપુર મંદિર-હવેલી)**
**"શુધ્ધ અંતઃકરણથી મોટું કોઈ તીર્થ છે જ નહિ"**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

ભક્તિ કરીએ તો ધર્મ સહિત જ કરવાની, કોઈ પણ સંજોગોમાં ધર્મ નહિ છોડવાનો. એક ભાઈ હતા તે બસમાં મુસાફરી કરતા હતા તો બાજુમાં એક વૈષ્ણવ ભાઈ બેઠા હતા. લાંબી મુસાફરી હતી. પછી રાતના સમયે એક જગ્યાએ બસ થોડા વિરામ માટે ઉભી રહી. વૈષ્ણવ ભાઈની બાજુમાં જે ભાઈ બેઠા હતા તે દારૂ પીતા હતા. તેણે વૈષ્ણવ ભાઈને કીધું કે તમે પણ પીઓ. વૈષ્ણવભાઈએ કીધું કે હું પીતો નથી. પેલા ભાઈ સમજતા ન હતા એટલે આગ્રહ કરવા લાગ્યા. વૈષ્ણવ ભાઈએ કીધું કે તમે ડ્રાઈવરને પીવડાવો તો હું પીઉં. તો પેલા ભાઈ તેમની જગ્યાએથી ઉભા થઈ ડ્રાઈવરને આગ્રહ કરવા લાગ્યા. જેથી ડ્રાઈવરે કીધું કે આ બસમાં જેટલા મુસાફર બેઠા છે તેમના જીવનની જવાબદારી મારા પર છે. જો હું પીઉં તો બસ ખાડામાં પડે અથવા અકસ્માત થાય. માટે મારાથી ન પિવાય. તો પેલા વૈષ્ણવભાઈએ કીધું કે જેવી રીતે આખી બસના મુસાફરોને સાચવવાની જવાબદારી ડ્રાઈવરની છે તેવી રીતે મારા આત્માની અંદર જે પરમાત્મા છે તેમણે મને આ જીવન આપ્યું છે. આ શરીરરૂપી ઘર આપ્યું છે. તે ઘરનો માલિક હું છું. તેને સાચવવાની જવાબદારી મારી છે. જો હું એ ફરજ નહિ નિભાવું તો છેલ્લા સમયે મારું શું થશે ? એ વિચારવાની જવાબદારી પણ મારી છે. માટે મારાથી ન પિવાય. તો કહેવાનો અર્થ છે કે આપણા અંતઃકરણને શુધ્ધ રાખવાનું સગવડિયો ધર્મ નહિ પાળવાનો, ગમે તેવી પરિસ્થિતિ હોય તો પણ મહારાજે બનાવેલા નિયમોને નહિ તોડવાના. મહારાજે કેટલી બધી દયા કરી છે. ક્યાં કોને, કઈ રીતે ક્યા ધર્મ પાળવાના છે ? સાધારણ ધર્મ, વિશેષ ધર્મ બધું બતાવી દીધું છે. માતા એક બાળકને શીખવાડે તે રીતે આપણને બધું શીખવાડીને ગયા છે. આપણે બીજા પ્રત્યે ખૂબ જ કઠોર બનતા હોઈએ છીએ. આપણને બીજાની કસોટી કરતા બહુ આવડે છે. કોઈ શું કરે છે ? કેવી રીતે માળા કરે છે ? કેવું ભજન કરે છે ? આ બધું નહિ જોવાનું. સવારથી સાંજ સુધી જોયા કરો કે આપણા મનમાં શું ચાલી રહ્યું છે ? કેવા વિચારો આવે છે ? આવા વિચારો કરવાનું શું પરિણામ આવશે ? એમ પોતાની જાતને ઈમાનદારી અને નિષ્પક્ષતાથી પરખતા શીખવાનું છે. જો આપણી જાતની નિયમિત ઈમાનદારીથી પરીક્ષા લેવામાં આવે તો પરિણામ સારૂ આવે છે. કેમ કે, પોતાની કસોટી કરીશું અને નબળાઈ નીકળશે તો વધારે મહેનત કરીશું. એમ કરતા કરતા આગળ વધવાનું છે. એવું બને, કેમ કે, આપણે અભ્યાસ કરતા હોય તો જે વિષયમાં ઓછા માર્કસ આવે છે તેમાં વધારે મહેનત કરીએ છીએ. તે વિષયમાં વધારે માર્કસ આવી જાય છે તેવું બને છે. તો આપણી જાતની કસોટી કરીશું તો આપણી નબળાઈ દેખાશે અને મહેનત કરીશું તો આગળ વધાશે. કોઈના માટે કાંઈ ખરાબ અભિપ્રાય રાખવા જેવો નથી. દરેક વ્યક્તિ પોતાના કર્મ પ્રમાણે કાર્યો કરે છે. કોઈની પાસેથી કાંઈ પણ 'અપેક્ષા' રાખવી નહીં અને 'આસક્તિ' તો રાખવાની જ નહિ. જ્યાં અપેક્ષા છે ત્યાં જ 'ઉપેક્ષા' થાય છે. આખી દુનિયામાં બધાના મનની અંદર શું ચાલે છે તેની કોઈનેય ખબર નથી. ઘણી વખત એવો વિચાર આવે કે મહારાજ જો એક કલાક માટે એવું કરી દે કે બધાને ખબર પડી જાય કે સામેની વ્યક્તિના મનમાં મારા માટે શું ચાલી રહ્યું છે ? તો એટલા બધા ઝઘડા થઈ જાય અને અડધા લોકોને વૈરાગ્ય આવી જાય. કેમ કે બધાની અંદર મોટા ભાગે સ્વાર્થરૂપી કસાયો ભરેલા જ હોય છે. પરંતુ બહાર બધા મીઠું બોલતા હોય છે. પતિ-પત્નીમાં પણ આવું જોવા મળે છે. પતિને એવું થાય કે પત્ની મારા માટે કેટલું બધું વિચારે છે. કેટલું બધું ધ્યાન રાખે છે. પણ વાસ્તવિકતામાં જોવા જાય તો એ જ પત્ની પતિ માટે એવું વિચારતી હોય કે આજે ઓફિસેથી બે કલાક મોડા આવે તો સારૂ. મને ગપાટા મારવાનો વધારે સમય મળે. પરંતુ માણસને મોહને લીધે ખબર પડતી નથી. તો આવું ન હોવું જોઈએ ? વિચાર, વાણી, વર્તન બધું સરખું હોવું જોઈએ.

તો જ અંતઃકરણ શુધ્ધ રહેશે. આ કળિયુગમાં મન, વચન, કાયાની એકતા ખૂબ ઓછી જોવા મળે છે.

એક બાળક હોય છે. તેની માતા ધામમાં જાય છે. તો તેના પિતા બીજુ લગ્ન કરે છે. પછી બાળકને પૂછે છે કે તારી જુની માતા હતી તે સારી હતી, કે આ નવી માતા છે તે સારી છે ? બન્નેમાં વધારે સારું કોણ છે ? તો દીકરાએ કીધું બન્ને સારા છે. પરંતુ જુની માતા હતી તે ખોટું બોલતી હતી, અને નવી માતા છે તે બધું સાચું બોલે છે. તો પિતાએ પૂછ્યું કે શું ખોટું બોલતી હતી ? તો બાળકે કીધું કે હું જ્યારે તોફાન કરું, તો જુની માતા મને એવું કહેતી હતી કે હું તને જમવાનું નહિ આપું અથવા તો મારીશ સજા કરીશ એમ બિવડાવતી હતી. તેમ છતાં ભૂલી જતી હતી અને સમય થાય ત્યારે જમવાનું પણ આપતી હતી અને એવી આકરી સજા પણ કરતી ન હતી. અને નવી માતા છે તે કહે છે કે જમવાનું નહિ આપું તો સાચે જ નથી આપતીને સાચું બોલે છે. તો આપણે એ વિચારવાનું છે કે આપણને પણ એટલા બધા દયાળુ ભગવાન મળ્યા છે કે આપણે કેટલી બધી મહારાજની આજ્ઞાનું ઉલ્લંઘન કરીએ છીએ, ભગવાને બનાવેલા નિયમોનું પાલન કરતા નથી તો પણ જ્યારે આપણો ખરાબ સમય આવે છે ત્યારે મહારાજ આપણને કેટલું બધું સાચવે છે. કેટલી બધી કરુણા રાખે છે. પરમાત્મા તો અંતર્યામી છે. બધું જાણે છે છતાં માફ કરી દે છે. તો આપણે પણ અંતઃકરણ શુધ્ધ રાખી પરમાત્માને પામવાનો પ્રયત્ન કરવો. 'શુધ્ધ અંતઃકરણથી મોટું કોઈ તીર્થ છે જ નહિ'. આપણે 'શ્રી નરનારાયણદેવ'ને પ્રાર્થના કરીએ કે તમારી અંદર પણ પરમાત્માને પ્રાપ્ત કરવાની 'ભૂખ' અને 'તરસ' પરમાત્મા એટલી બધી વધારે કે પરમાત્માના દર્શન વગર રહેવાય જ નહિ ! જો અત્યારે ગરમીની સીઝન છે તો આપણને ખૂબ તરસ લાગી હોય કે પાણી વગર રહેવાય જ નહિ ! અને એમ થાય કે ક્યારે જલ્દી પાણી મળી જાય તો આપણે અહીંયા સભામાં બેઠા હોય છતાં પણ જ્યાં સુધી તરસ ન છિપાય ત્યાં સુધી 'સત્સંગ' પણ આપણામાં કાંઈ ઉતરે જ નહિ. તેમ ભગવાનને પામવા માટેની પણ એટલી બધી તરસ જોઈએ કે જેમ આપણને તરસ લાગી હોય ત્યારે પાણી વિના કાંઈ ન દેખાય. તેમ જગતમાં ભગવાન સિવાય બીજું કાંઈ દેખાય જ નહિ. 'શ્રી નરનારાયણદેવ' તમારા બધામાં 'સત્સંગ' ખૂબ વધારે અને તમારા બધાનું ખૂબ 'શ્રેય' કરે તેવી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

●

## દ્રોહ

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

દ્રોહ શબ્દ એ નકારાત્મક દૃષ્ટિબિંદુ છે. દ્રોહ એટલે પૂર્વગ્રહ. દ્વેષ, ઈર્ષા, વેર, ઝેર જેવા કળિયુગનાં દુષિત સ્વભાવથી કોઈની સાચી અને સારી વાતનો વિરોધ કરવા સાથે અવળી વાતોનો જ પ્રચાર કરવો. તે માટે તન, મન, ધનથી તેમજ વાણી-વર્તન, વહેવારથી અખંડ પ્રયત્નો કરવા. કોઈ પણ વ્યક્તિની સાચી-સારી વાતનાં સાચા અને સારા નિર્ણયોનો ઈર્ષા-દ્વેષ-વેરઝેરના ભાવથી પ્રેરાઈને કારણ વગરનો વિરોધ કરવો કહેતા વિરોધ કરાવવો. આમ કરવાથી જ તેમના મનને શાંતિ મળે છે. તેઓ ૨૪ કલાક આંતર મનથી ઈર્ષાની અગ્નિમાં બળતા જ હોય છે. માનસિક રીતે એવો જ વિચાર કરતા હોય છે કે ક્યારે મને તક મળે ને હું દ્રોહ કરૂં. જ્યારે તક મળે ત્યારે શક્ય તેટલાં જોરથી દ્રોહ કરાવીને શાંતિ મેળવે છે. તે કામ ચલાઉ શાંતિ મેળવે છે. આવા માનવી હમેંશા ક્રોધાયમાન જ રહેતા હોય છે. જેના કારણે રોગોનાં ભોગ પણ બને છે.

ધર્મશાસ્ત્રોમાં પરમાત્માની સ્પષ્ટ આજ્ઞા છે કે, ''કદી કોઈનો જાણે અજાણે પણ દ્રોહ ના કરવો. કોઈની સાથેની વાતમાં, વિચારમાં કે પ્રસંગમાં મત ભેદ હોય તો સાથે બેસીને એક બીજાની મર્યાદા જળવાય તેવા વિવેક સભર વાતાવરણમાં ભેગાં થઈને ચર્ચા કરીને બન્નેને સમંત હોય તેવા નિર્ણયો લેવા જોઈએ. આજના કળિયુગમાં જેની સૌથી વધું જરૂર છે એવા સત્સંગના અભાવથી આવી વિચારસરણીને કોઈ રોક ટોક કરનાર ન હોઈ સમગ્ર સામાજીક વાતાવરણમાં તેની વિકૃત અસર જોવા મળે છે. જે ભવિષ્ય માટે ચિંતા જનક છે.

ધર્મશાસ્ત્રમાં પરમાત્માની આજ્ઞા છે કે આ ચાર વ્યક્તિનો કદી દ્રોહ ના કરવો. (૧) ભગવાન (૨) ભગવાનના ભક્તો (૩) ગરીબ (૪) બ્રાહ્મણ.

**(૧) ભગવાન :** કોઈ પણ માનવીએ ક્યારેય પણ ભગવાનનો દ્રોહ કોઈ પ્રકારે મન-કર્મ-વચનથી દ્રોહ કરવો નહિ. ભગવાન પરમાત્મા તો આ સમગ્ર સૃષ્ટિના સર્વાધાર છે. સર્વના નિયંતા છે. ''કર્તુમ્, અકર્તુમ અન્યથા કર્તુમ્'' સર્વ શક્તિમાનછે. તેમનો દ્રોહ કરવો એ તો સૂર્યની સામે ધૂળ નાખવા બરાબર છે. પરમાત્મા તો કોઈની સાથે ક્યારેય પણ રાગ-દ્વેષની, વહાલા- દવલાની નીતિ રાખતા નથી. પરમાત્માનો દ્રોહ કરવાથી કોઈ સુખી થયો નથી. ભગવાનના દ્રોહ કરનારા આસુરી

બુદ્ધિવાળાનાં ઈતિહાસમાં ઘણા દાખલાઓ જોવા મળે છે. જેવા કે, રાવણ, હિરણ્યકશિપુ, શિશુપાલ, દૂર્યોધન, દુઃશાસન, કંસ, શકુની, નારૂપંત નાના વિગેરે. આ દરેકે ભગવાનનો અપરાધ કર્યો હતો. દ્રોહ કર્યો હતો. તેના કેવા હાલ થયા હતા તેનો રામાયણ, મહાભારત શ્રીમદ્ ભાગવતમાં સ્પષ્ટ ઉલ્લેખ છે. માટે કદી પણ પરમાત્માના સ્વરૂપનો દ્રોહ કરવો જ નહિ. આજ્ઞાનો લોપ કરવો નહિ.

**(૨) ભગવાનનાં ભક્તજનો :** ભગવાનને માનવાવાળા દરેકને ભગવાનનાં ભક્તો જ કહેવાય. વિશાળ અર્થમાં એમ કહેવાય કે ''દરેક આસ્તિક માનવી ભગવાનના ભક્તો જ કહેવાય''. પરમાત્મા સ્વયં કહે છે કે કદાચ કોઈ મારો અપરાધ કરે. મારો દ્રોહ કરે તો હું તે માફ કરી દઉં . પણ હું મારા ભક્તનો દ્રોહ કે અપરાધ કોઈ કરે તો તેને કદી માફ કરતો નથી. ભગવાનના દ્રોહ કરતાંય ભગવાનનાં ભક્તનો દ્રોહ કરવો એ વધું સજાને પાત્ર છે. માનના કારણે દ્રોહ થઈ જાય છે. માટે ભગવાનને ભગવાનના ભક્ત આગળ માન રાખવું જ નહિ. ધર્મશાસ્ત્રમાં માન ને ક્રોધના સાક્ષાત્ મૂર્તિ સમાન દુર્વાસામુનિએ આત્મનિવેદી ભક્તરાજ શ્રી અંબરીષ રાજાનો દ્રોહ કર્યો. પરિણામે ઘણાં હેરાન થયા ને કષ્ટ વેઠવું પડ્યું. પરમાત્મા કહે કે આવા ભક્તનો મારો હાથ જો દ્રોહ કરે તો મારા હાથને પણ હું કાપી નાખું. તો બીજાની શી વાત ? ભક્તના પ્રેમને અને ભાવને પ્રભુ વશ થાય છે. પરંતુ એવા ભક્તના દ્રોહના કરનારને પ્રભુ આકરી સજા આપે છે. માટે મન-કર્મ-વચનથી પણ ભગવાનના ભક્તનો દ્રોહ કરવો નહિ. કોઈની સાથે કોઈ વાતમાં મતભેદ હોય તો તેનો વિવેક-મર્યાદાનાં વાતાવરણમાં ચર્ચા કરીને ઉકેલ લાવવો એજ શ્રેષ્ઠ માર્ગ છે.

**(૩) ગરીબ :** ગરીબ એટલે નિર્માની ભક્ત. આપણો સામનો કરી શકે નહિ તે તમામ ગરીબ જ કહેવાય. જેમ કે પતિ સામે પત્ની ગરીબ, શેઠ સામે નોકર ગરીબ, ધનવાન સામે નિર્ધન ગરીબ. આ દરેક પાત્રો સામે, પોતાની સત્તાના મદમાં પોતાની શક્તિના મદમાં, કે પોતાના ધનના મદમાં કદી કોઈનો પણ અપરાધ કે દ્રોહ કરવો નહિ. દ્રોહ કરવો એ મહાપાપ છે. કારણ કે દરેકમાં પરમાત્માનો વાસ છે. અને કોઈનો પણ દ્રોહ એ પરમાત્માનો દ્રોહ કર્યા બરાબર છે. અને દ્રોહ કરવાથી કદી કોઈને સુખ-શાંતિ મળતી નથી. ને દ્રોહ કરનારનું ભવિષ્ય હમેશા અંધકાર મય જ હોય છે. પિતાએ પુત્રનું અપમાન ન કરવું. પતિએ-પત્નીનું અપમાન ન કરાય. વગેરે રીતે ગરીબના પાત્રોમાં જે જે આવતા હોય તેનો કદી દ્રોહ કે અપમાન કરવું એ પરમાત્માનાં દ્રોહ કર્યા બરાબર છે.

**(૪) બ્રાહ્મણ :** શાસ્ત્રમાં દરેક વર્ણમાત્રનાં ગુરૂસ્થાને બ્રાહ્મણ-બ્રહ્મદેવને ગણ્યા છે. અને ગુરુસ્થાને જે હોય તે પરમાત્મા તુલ્ય ગણાય છે. માટે જાણે અજાણે મન-વચન-કર્મથી દ્રોહ કે અપરાધ ન કરવો. બ્રાહ્મણ છે તે પરમાત્માના પ્રતિનિધિ છે. પરમાત્માને અર્પણ કરેલ તમામ વસ્તુઓ પરમાત્મા વતી તેઓ સ્વીકારે છે. એવા ભાવથી આપણે દાન-દક્ષિણા-વસ્તુઓ અર્પણ કરીએ છીએ. માટે બ્રાહ્મણનો દ્રોહ કરવો નહિ. એજ આપણા સુખને શાંતિ માટેનો ઉપાય છે.

શ્રીજી મહારાજે વચનામૃતમાં ભગવાનના ભક્તનો દ્રોહ કરવાની ના પાડી છે. ને વચનામૃતમાં કહેલ છે કે અભાવ, અવગુણ દ્રોહ કરવો નહિ. જેમ શરીરમાં એક ડાયાબીટીઝ આવે એટલે કેટલાય રોગોને અંદર બેઠો બેઠો આમંત્રણ આપ્યા કરે, તેમ સત્સંગમાં આવ્યા પછી જેને દ્રોહ કરવાનો રોગ લાગું પડ્યો હોય તેનું વહેલું મોડું પતન જ છે. ભગવાનના ભક્તનો દ્રોહ એ ભગવાનને કુરાજી કર્યાનો મોટો ઉપાય છે. જેના મૂળમાં દ્રોહની ઉધઈ લાગે તે ભક્તરૂપી મૂળ સમુળું સુકાઈ જાય છે ને જમપુરીમાં ગયા વિના રહેશે જ નહિ. મોટાના અવગુણનું એવું પાપ છે કે જીવ જ નાશ પામી જાય છે. દ્રોહ કરવો એ ભગવાનને સંતથી વિમુખ થઈ જવાનો ધોરી માર્ગ છે. સંપને તોડવાનો એટમ્ બોમ્બ છે. ને દુર્ગુણોનું જનરેટર છે. દ્રોહ છે તે કાકદષ્ટિને ભુંડ દષ્ટિ છે. સત્સંગની ભવ્ય ઈમારતોને તોડવાની પ્રક્રિયા છે. માટે દ્રોહ કરવો જ નહિ.

દ્રોહ કરવાથી નિર્વિકલ્પાનંદ સ્વામી, કીડી સખી જેવા મહારાજ ભેળા રહેતા તોય સત્સંગમાંથી પડી ગયા છે. મોટા સંતમાં જ્યારે દોષ દેખાય ત્યારે મતિ ભ્રષ્ટ થઈ જાય છે. સંત તો બ્રહ્મ અગ્નિ જેવા છે. લીલું સૂકું જે તેનો સ્પર્શ કરે તે બળી જાય છે. દ્રોહ છે એ ભયંકર ઝેર પીવાની પ્રક્રિયા છે. ઝેરીવાયુનો સ્પ્રે છે. ગટરના પાણીનું પાન અને વિષ્ટાનું ભોજન ક્યાંથી સુખ આપે ? તેમ દ્રોહ કરવાથી કોઈનો મોક્ષ સુધર્યો નથી ને સુધરવાનો પણ નથી. એ તો મોક્ષ માર્ગ અટકાવાવનો માર્ગ છે. જેથી ભગવાન, ભક્ત, બ્રાહ્મણ, ગરીબનો દ્રોહ કરવાથી અંતઃકરણ ગોબરૂં થઈ જાય છે. ભક્તનો અભાવ આવે તે જ મરણ છે. એનું માથું કપાણું જાણવું. જીવનો નાશ થયો જાણવો.

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

પ્ર. ૧ ‘‘અમારી લખેલ જે શિક્ષાપત્રી તેનો પાઠ અમારા આશ્રિત જે ત્યાગી સાધુ તથા બ્રહ્મચારી તથા ગૃહસ્થ બાઈ-ભાઈ સર્વ તેમણે નિત્ય કરવો. આ આજ્ઞા પાળવાનું ક્યા વચનામૃતમાં શ્રીજી મહારાજે કહ્યું છે ?

પ્ર. ૨ ‘‘ભગવાનની જે ભક્તિ છે. તેમાં કોઈ રીતનું વિઘ્ન ન થાય એવી તે કઈ ભક્તિ છે ને જે ભક્તિમાં કાંઈક વિઘ્ન થાય છે તે કઈ જાતની ભક્તિ છે ?’’ વચનામૃતમાં શ્રીજી મહારાજને કોણે પ્રશ્ન પૂછ્યો છે ?

પ્ર. ૩ સ્વામિનારાયણ ભગવાને ક્યા વચનામૃતમાં સંત તુલસીદાસના ત્રણ પદ ગવરાવ્યા છે ?

પ્ર. ૪ વડતાલનાં સમૈયામાં રાત્રીના સમયે સભામાં વિસનગરના શેઠ ઝુમખરામ સૂતા હતા. શ્રીજી મહારાજે લાંબો હાથ કરી સોટી મારીને જાગૃત કર્યા. તે દિવસથી મહારાજની મૂર્તિ અખંડ ઝુમખરામને દેખાવા લાગી. તેથી તે મુંઝાણા ને મહારાજ પાસે આવીને રોવા લાગ્યા. ત્યારે મહારાજે પૂછ્યું તો ઝુમખરામે શું કહ્યું ?

પ્ર. ૫ વડતાલમાં મહારાજ જોબનપગીની મેડીએ બિરાજતા હતા ત્યારે અગાસી પર નાહવા બેઠા. ને ખાળેથી હેઠે પાણી પડતું હતું. નાનાં છોકરાઓ નીચે પડતા પાણીમાં નહાતાં હતાં. તે જોઈને મુળજી બ્રહ્મચારી બોલ્યા જે, ‘‘હેઠે પ્રસાદીના પાણીમાં છોકરાં ન્હાય છે ? ત્યારે મહારાજે શું કહ્યું ?

પ્ર. ૬ શ્રીજી મહારાજ લોજથી વરસતા વરસાદમાં એકલા માંગરોળ બંદર આણંદજીભાઈને ઘેર અડધી રાત્રે પધાર્યા. આણંદજીભાઈએ કમાડ ઉઘાડ્યા ત્યારે મહારાજના વસ્ત્ર સઘળાં પલળેલા હતા તેથી કોરા વસ્ત્ર પહેરવા આપ્યાને સગડી કરી તપાડ્યા. પછી મહારાજે જમવાનું માગ્યું ત્યારે આણંદજીભાઈએ કહ્યું હમણાં થાળ કરાવું - મહારાજે ના પાડી જે તૈયાર હોય તે લાવો ત્યારે આણંદજીભાઈ શું લાવ્યા ?

પ્ર. ૭ ‘‘જીતી બાજી ગયો હારી રે, મનુષ્ય તન પામી, રાજ સાજ સુખ દીધું. તેનું કહ્યું નવ કીધું, પર-દારા કીધી પ્યારી રે - આ કીર્તનના રચયિતાનું નામ જણાવો.

## એપ્રિલ-૨૦૧૬ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

**(૧)** જેતલપુરમાં ૧૮૬૫ ૧૮ દિવસનો. **(૨)** ‘‘નારી પીશાચા વાંકી મત કરો આશા.’’ **(૩)** ૧૮૬૨ માં. **(૪)** શુકલ પક્ષના ઉત્સવ જયાબા, કૃષ્ણ પક્ષના ઉત્સવ લલીતાબા. **(૫)** સ.ગુ. આનંદાનંદ સ્વામી, સ.ગુ. સ્વયંપ્રકાશાનંદ સ્વામી, સ.ગુ. મહાનુભાવાનંદ સ્વામી, સ.ગુ. ભગવદાનંદ સ્વામી. **(૬)** સ.ગુ. મહાનુભાવાનંદ સ્વામી, જેતલપુરમાં, સ.ગુ. આનંદાનંદ સ્વામીએ કપડવંજમાં ભુદરભાઈને સંભળાવેલું. **(૭)** પ.પૂ. આદિ આચાર્ય મહારાજશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ.

૧ દરજી સંગીતા કે. (કાલુપુર)
૨ સીતાપરા ગોરધનભાઈ વિ. (બાપુનગર)
૩ પટેલ ઉમંગ (કલોલ)
૪ પટેલ સરોજબેન માધવલાલ (મારૂસણા
૫ પટેલ હેતલબેન પ્રયાગકુમાર (ન્યુ રાણીપ)
૬ મહંત શા.સ્વામી પ્રેમપ્રકાશદાસજી (હિંમતનગર)
૭ સાં.યો. કોકીલાબા, ઉષાબા (સુરેન્દ્રનગર)
૮ ગાંધી જ્યોત્સના એચ. (સુરેન્દ્રનગર)
૯ સોની પલ્લવી આર.
૧૦ ઝોલાપરા શોભના કે. (સુરેન્દ્રનગર)
૧૧ પટેલ વિનોદભાઈ પી. (વહેલાલ)
૧૨ પટેલ વિઠ્ઠલભાઈ મગનદાસ (ડાંગરવા)
૧૩ પટેલ શારદાબેન વિઠ્ઠલભાઈ (ડાંગરવા)
૧૪ ડાભી પ્રભાતસિંહ કેશરજી (ડાંગરવા)
૧૫ શા. સ્વામી માધવપ્રિયદાસજી (કાલુપુર)
૧૬ પટેલ મીનાબેન કમલેશભાઈ (કુહા)
૧૭ પટેલ મીનાબેન મહેન્દ્રભાઈ (આંબાવાડી)
૧૮ ચાવડા નીતાબેન ઠાકરસીભાઈ (નરોડા)
૧૯ ભાવસાર સુમિત્રાબેન નરેશકુમાર (વિસનગર)
૨૦ સાં.યો. દર્શનાબેન ગુરુ સુરજબા, ઝવેરબા (વાવોલ)
૨૧ પટેલ શારદાબેન હસમુખલાલ (વાવોલ)
૨૨ પટેલ ઉષાબેન મંગળદાસ (વાવોલ)
૨૩ પટેલ ઉષાબેન ચીનુભાઈ (ઉનાવા)
૨૪ સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (સી.જી. રોડ)
૨૫ સોની મીનાબેન મહેન્દ્રભાઈ (નરોડા)
૨૬ પટેલ ધ્રુવ (માણસા)
૨૭ પટેલ મગનભાઈ મોહનભાઈ (હિંમતનગર)
૨૮ ઘર સભા બહેનો (લુણાવાડા)
૨૯ પટેલ જયંતિભાઈ હીરાભાઈ (વહેલાલ)
૩૦ મહેશ ભગત પૂજારી સ્વા. મંદિર (ઘાટલોડીયા)

૩૧ પટેલ દીપિકાબેન હિતેશભાઈ (લુણાવાડા)
૩૨ પટેલ નયનાબેન સુમનભાઈ (સાબરમતી)
૩૩ પટેલ લલિતાબેન જયંતિલાલ (સાબરમતી)
૩૪ પટેલ મધુબેન મહેન્દ્રભાઈ (સાબરમતી)
૩૫ ખંધેડીયા ભાવનાબેન કમલેશકુમાર (મોરબી)
૩૬ સાં.યો. બહેનો સ્વા. મંદિર બહેનોનું (મોરબી)
૩૭ પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઉંઝા)
૩૮ પટેલ મંજુલાબેન નટવરભાઈ (ડાંગરવા)
૩૯ ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૪૦ રાઓલ પ્રવિણસિંહ ભવાનસિંહ (માણસા)
૪૧ પટેલ લાલભાઈ એમ. (ગાંધીનગર)
૪૨ પટેલ વલ્લભભાઈ શીવાભાઈ (સોજા)
૪૩ ભાવસાર મહેન્દ્રભાઈ સોમાભાઈ (માણસા)
૪૪ પટેલ કૈલાસબેન વિષ્ણુભાઈ (નાંદોલ)
૪૫ અડાલજા કંચનબેન બાબુભાઈ (રતનપર)
૪૬ પટેલ ધર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઈ (રાજપુરવાળા)
૪૭ પટેલ ભારતીબેન વિષ્ણુભાઈ (ડાંગરવાવાળા)
૪૮ પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (ઝુલાસણ)
૪૯ પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૫૦ પટેલ કોકીલાબેન ઘનશ્યામભાઈ (વડુ)
૫૧ પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ (આનંદપુરા)
૫૨ ભાવસાર અરવિંદાબેન એન. (ચાંદલોડીયા)
૫૩ સાં.યો. મંજુબા, ભારતીબા (કાલુપુર-હવેલી)
૫૪ ભાવસાર વીણાબેન આર. (નવરંગપુરા)
૫૫ ભાવસાર નિકીતા બી. (કાલુપુર)
૫૬ સાં.યો. કંચનબા, હીરાબા, ભગવતીબા (ધ્રાંગધ્રા)
૫૭ પટેલ દિપીકા કિરણકુમાર (નારણપુરા)
૫૮ પટેલ હિરાબેન ચુનીલાલ (રાણીપ)
૫૯ પટેલ ચંદ્રપ્રકાશ ચુનીલાલ (રાણીપ)
૬૦ પૂજારા ત્રિભોવનભાઈ લક્ષ્મણભાઈ (નવાવાડજ)
૬૧ ભાવસાર દિલીપભાઈ સી. (નવાવાડજ)
૬૨ ભાવસાર ચંદુભાઈ પુરષોત્તમદાસ (નવાવાડજ)
૬૩ ઠક્કર ઉર્વિ પ્રતિકકુમાર (વસ્ત્રાપુર)
૬૪ પટેલ સવિતાબેન પરષોતમભાઈ (મેઘાણીનગર)
૬૫ ઠક્કર રીટાબેન જયેશકુમાર (વસ્ત્રાપુર)
૬૬ સાં.યો. રંજનબા તથા નાનીબા (વિરાટનગર)
૬૭ વિઠ્ઠલપરા અમરશીભાઈ વી. (જીવાપરવાળા)
૬૮ ભક્તિ મહિલા મંડળ (લુણાવાડા)
૬૯ સ્વામિનારાયણ મંદિર કડિયાવાડા (લુણાવાડા)
૭૦ થોરીયા પરિવાર જ્યોતિકા જગદીશચંદ્ર (લુણાવાડા)
૭૧ રેવતી મંડળ (કોઠંબા)
૭૨ ચોકસી નરેન્દ્રકુમાર શાંતિલાલ (દરિયાપુર)
૭૩ ચોકસી ઈલાબેન નરેન્દ્રકુમાર (દરિયાપુર)

**નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે**

જેતલપુર : www.jetalpurdarshan.com
છપૈયા : www.chhapaiya.com
નારણઘાટ : www.narayanghat.com
પ્રયાગ : www.prayagmilan.org
ઈડર : www.gopinathjiidar.com
મહેસાણા : www.mahesanadarshan.org
ટોરડા : www.gopallalji.com
વડનગર : www.swaminarayanmandirvadnagar.com
અયોધ્યા : www.ayodhyaswaminarayanmandir.com
નારણપુરા : www.sankalpmurti.org

**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**

**www.swaminarayan.info**

**www.swaminarayan.in**

**ભારતીય સમય મુજબ આરતી દર્શન :** મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫ ● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૯-૦૦ ● શયન આરતી ૨૦-૩૦

# સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં શ્રીહરિ જયંતી રામનવમી સમૈયો ધામધૂમથી ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી ઈષ્ટદેવ સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનનો પ્રાકટ્યોત્સવ ચૈત્ર સુદ-૯ તા. ૧૫-૪-૨૦૧૬ ના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ખાતે ખૂબજ ભવ્યતાથી ઉજવાયો.

પ્રાતઃ ૬-૩૦ થી ૭-૦૦ દરમ્યાન અક્ષરભુવનમાં બિરાજમાન બાલ સ્વરૂપ શ્રી ઘનસ્યામ મહારાજનો પાટોત્સવ અભિષેક પૂજારી સંતો દ્વારા ષોડશોપચાર પૂર્વક વિધિવત રીતે સંપન્ન થયો. ત્યાર બાદ અન્નકૂટ દર્શન-શણગાર આરતીના દર્શન હજારો ભક્તજનોએ કરીને ધન્યતા અનુભવી હતી. પૂજારી સ્વામી પરમેશ્વરદાસજીની પ્રેરણાથી પાટોત્સવના યજમાન પ.ભ. મનહરભાઈ પાટડીયા પરિવાર રહ્યા હતા. બપોરે ૧૨-૦૦ કલાકે મર્યાદા પુરૂષોત્તમ શ્રી રામચંદ્રજી ભગવાનનો પ્રાકટ્યોત્સવ આરતી ધામધૂમથી થઈ હતી.

રાત્રે મંદિરના પ્રસાદીના વિશાળ ચોકમાં સંત-હરિભક્તો તથા શ્રી પૂરવ પટેલ આદિ દ્વારા કીર્તન ભક્તિ અને રાસનું સુંદર આયોજન સંપન્ન થયું હતું. આ પ્રસંગે પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા અને સભામાં બિરાજમાન થયા હતા. અને સૌ ભક્તોને દર્શન આપી રાત્રે ૧૦-૧૦ મિનિટે સર્વાવતારી શ્રી ઘનશ્યામ મહારાજની પ્રાકટ્યોત્સવ આરતી ઉતારી હતી. હજારો દર્શનાર્થીઓએ દર્શન કરી પંજાજીરીનો પ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી. સમગ્ર સમૈયામાં પૂ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીની પ્રેરણાથી બ્ર.સ્વા. રાજેશ્વરાનંદજી, ભંડારી જે.પી. સ્વામી, હરિચરણ સ્વામી (કલોલ), કોઠારી જે.કે. સ્વામી, નટુ સ્વામી અને સંત-પાર્ષદ મંડળ અને હરિભક્તોએ સુંદર વ્યવસ્થાનું આયોજન કર્યું હતું.

(કોઠારી શાસ્ત્રી નારાયણમુનિદાસજી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં મારૂતિયજ્ઞ-હનુમાન જયંતી**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સમગ્ર ધર્મકુળના રાજીપાથી તથા શ્રી હનુમાનજી મહારાજના અને શ્રી ગણપતિ મહારાજના પૂજારી પાર્ષદશ્રી મહાદેવ ભગત તથા પાર્ષદશ્રી બાબુ ભગતની પ્રેરણા, માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ખાતે ચૈત્ર સુદ-૧૫ ને તા. ૨૨-૪-૧૬ ના રોજ શ્રી હનુમાન જયંતી પ્રસંગે સુંદર મારૂતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઘણા ભક્તોએ પૂજામાં બેસી લાભ લીધો હતો. શ્રી હનુમાનજી મહારાજને ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. સાંજના ૫-૩૦ કલાકે પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે મારૂતિ યજ્ઞની પૂર્ણાહુતિની આરતી ઉતારવામાં આવી હતી. હરિભક્તોએ દર્શન કરી ધન્ય બન્યા હતા.

(પા. બાબુ ભગત)

**પ.પૂ. મોટા મહારાજશ્રીનો ૭૩ મો પ્રાકટ્યોત્સવ**

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનના છઠ્ઠા વંશજ અને શ્રી નરનારાયણદેવ ગાદીના છઠ્ઠા નિવૃત આચાર્ય પ.પૂ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૭૩ મો પ્રાકટ્યોત્સવ ચૈત્ર વદ ત્રીજ ને તા. ૨૫-૪-૨૦૧૬ ના રોજ કાલુપુર મંદિરમાં સવારે સભામાં પૂ. મહંત સ્વામીના માર્ગદર્શનથી ધૂન અને કીર્તન ભક્તિ કરીને ઉજવ્યો હતો. પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૮-૦૫ મિનિટે પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની શણગાર આરતી ઉતારી દર્શન કરીને સંતોના પ્રેમને વશ થઈ બેઠકમાં બિરાજ્યા હતા. જ્યાં સંત-હરિભક્તોએ પુષ્પહાર પહેરાવી પ.પૂ. મોટા મહારાજશ્રીના આશાર્વાદ મેળવ્યા હતા. તેજ રીતે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં પણ અનેક સંત-હરિભક્તોએ પ.પૂ. મોટા મહારાજશ્રીને પુષ્પહાર પહેરાવી આશીર્વાદ મેળવ્યા હતા. અમદાવાદ, મૂળી અને કચ્છ-ભુજ દેશના અનેક શિખરબધ્ધ અને હરિમંદિરોમાં આ પ્રસંગે શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન અને કીર્તન ભક્તિ આદિ કાર્યક્રમ થયા હતા.

(કોઠારી શા. નારાયણમુનિદાસજી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા મારૂતિયજ્ઞ - શ્રી હનુમાન જયંતી**

શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા શ્રીહરિના અપર સ્વરૂપ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા અત્રેના મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી તથા શા.સ્વામી આનંદપ્રસાદદાસજીની પ્રેરણાથી ચૈત્ર સુદ-૧૫ ના શ્રી હનુમાન જયંતીના શુભ દિને સુંદર મારૂતિયજ્ઞ સંપન્ન થયો. અનેક ભક્તોએ યજ્ઞમાં બેસી લાભ લીધો હતો. પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા અને યજ્ઞની પૂર્ણાહુતિની આરતી ઉતારી સભામાં પધારી સૌ ભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

આ પ્રસંગે એપ્રોચ મંદિરથી મહંત સ્વામી અને સંત મંડળે પધારી શ્રી હનુમાનજી અને ધર્મકુળનો મહિમા કહ્યો હતો. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ શ્રીકષ્ટભંજન દેવની આરતી ઉતારીને સ્વસ્થાન પધાર્યા હતા. રાત્રે ૯ થી ૧૨ કષ્ટભંજન દેવ પાઠ મંડળ દ્વારા શ્રી હનુમાન ચાલીસાના પાઠ કરવામાં આવ્યા હતા. છેલ્લે સૌ ભક્તોને સુખડીનો પ્રસાદ આપવામાં આવ્યો હતો. (નરોત્તમ ભગત)

**ન્યુ રાણીપમાં સંત કીર્તન સંધ્યા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર ન્યુ રાણીપ ખાતે તા. ૧૬-૪-૧૬ શનિવારના રોજ રાત્રે ૮-૩૦ થી ૧૧ દરમ્યાન સત્સંગ સભા એવમ્ સંત કીર્તન સંધ્યા કાર્યક્રમ યોજવામાં આવેલ.

જેમાં આપણા નવયુવાન સંતો સ્વામી હરિજીવનદાસજી, સ્વામી બળદેવપ્રસાદદાસજી, સ્વા. સિધ્ધેશ્વરદાસ, બ્ર.સ્વા. મુકુન્દાનંદજી, સ્વા. બાલસ્વરૂપદાસજી, શા. દિવ્યપ્રકાશદાસજી, શા. માધવપ્રિયદાસજી અને શા. કૂંજવિહારીદાસજીએ નંદ સંતો રચિત અદ્ભુત કીર્તનો ગાઈ સભામાં ઉપસ્થિત સૌ ભક્તોને રાજી કર્યા હતા. સમગ્ર સભાનું માર્ગદર્શન સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી તથા પ્રેરણા અને સભા સંચાલન મહંત શા. પી.પી. સ્વામી (ગાંધીનગર)એ કર્યું હતું. છેલ્લે સૌએ પ્રસાદ ગ્રહણ કરી સંતો-ભક્તોનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. (યુવક મંડળ વતી પ્રતિક પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ મારૂતિયજ્ઞ શ્રી હનુમાન જયંતી**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞા-આશીર્વાદથી નારણઘાટ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં આદિ આચાર્ય પ.પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજ પ્રસ્થાપિત શ્રી કષ્ટભંજનદેવનો પ્રાકટ્યોત્સવ શ્રી હનુમાન જયંતી ચૈત્ર સુદ-૧૫ તા. ૨૨-૪-૧૬ ના રોજ ભવ્ય મારૂતિયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૮-૦૦ કલાકે સંતો દ્વારા યજ્ઞનો પ્રારંભ થયો હતો. સવાર થી સાંજના ૫-૩૦ સુધી શ્રી હનુમાનજી મહારાજને રાજી કરવા અનેક ભક્તો દ્વારા આહુતિ અપાઈ હતી. સંતો અને યજમાન પરિવાર દ્વારા યજ્ઞની પૂર્ણાહુતિની ઉતારવામાં આવી હતી. સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજીની પ્રેરણાથી સમગ્ર આયોજન કોઠારી બાલસ્વરૂપ સ્વામી અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળે કર્યું હતું. દરેક ભક્તોને ભોજન પ્રસાદની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. જેના યજમાન પ.ભ. પોપટભાઈ પટેલ (ખરણાવાળા - હાલ રાણીપ) અને ફુલહારના યજમાન પવન મહારાજ તથા યજ્ઞના મુખ્ય યજમાન અ.નિ. ભક્તિભાઈ આત્મારામ પટેલ (ડાંગરવા-રાણીપ) હ. નરેન્દ્રભાઈ પટેલ રહ્યાં હતાં. (શા.સ્વા. દિવ્યપ્રકાશદાસજી - નારાયણઘાટ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર બાલવા (બહેનોનું) ત્રિદશાબ્દી એવમ્ મહિલા પારાયણ**

પરમકૃપાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણ કૃપાથી તથા અ.સૌ. લક્ષ્મીસ્વરૂપા પ.પૂ. ગાદીવાળાશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર બાલવા (બહેનોનું) ને ૩૦ વર્ષ પૂર્ણ થતા ત્રિદશાબ્દી પાટોત્સવ તા. ૧-૪-૧૬ થી તા. ૩-૪-૧૬ પર્યન્ત ખૂબજ ભક્તિભાવથી ઉજવાયો.

આ પ્રસંગે શ્રી બાલઘનશ્યામ ચરિત્રની સુંદર કથા અમદાવાદ મંદિર (હવેલી)ના સાંખ્યયોગી બહેનોના વક્તાપદે સૌને કથા રસમાં તરબોળ કર્યા હતા.

સાથે સાથે પ.પૂ. ગાદીવાળાશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો અભિષેક તથા અન્નકૂટ આરતી થઈ હતી. આ પ્રસંગે જેતલપુર, વાવોલ, ધમાણસા, અંબાસણ, ઉનાવા અને સુરેન્દ્રનગરના બાઈઓએ સત્સંગીના પાયાની જરૂરિયાત અને વિવેક, વર્તન અને નિષ્ઠાની સુંદર વાતો કરી. પારાયણમાં પોથીયાત્રાના યજમાન ચૌધરી સોનીબેન મહાદેવભાઈએ લાભ લીધો હતો. આજુબાજુના ગામના મહિલા મંડળના બદપુરા, બાપુપુરા, પ્રતાપપુરા, ઈશ્વરપુરા, મકાખાડ, આદિવાડા,

માણેકપુરા, હિંમતપુરા, પિલવાઈ, સોલૈયા, વેડા, પિયળજ, ઉનાવા, આમજા, પ્રતાપપુરા, કલ્યાણપુરા, લિંબોદરા, ઈન્દ્રપુરા અને મુબારકપુરાના બહેનોએ પણ સુંદર લાભ લઈ ધર્મકુળ દર્શન આશીર્વાદનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. સમગ્ર પ્રસંગમાં શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ બાલવાની સેવા પ્રેરણારૂપ હતી. (કોઠારીશ્રી ન.ના.દેવ મહિલા મંડળ, બાલવા)

**બાલવા શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૮૯ મો પાટોત્સવ**

પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર બાલવાનો ૮૯ મો વાર્ષિક પાટોત્સવ પ.પૂ. મોટા મહારાજશ્રીના શુભ સાનિધ્યમાં ધામધૂમથી ઉજવાયો.

શ્રી સ્વામિનારાયણ મહામંત્રધૂનથી પ્રારંભ બાદ નંદ સંતો રચિત કીર્તન બાદ પ.પૂ. મોટા મહારાજશ્રીનું આગમન થતા ઠાકોરજીનો ષોડશોપચાર પંચામૃતથી સુંદર અભિષેક સંપન્ન થયો. ત્યારબાદ અન્નકૂટ આરતી ઉતારવામાં આવી.

પ્રાસંગિક સભામાં જેતલપુર મંદિર મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા ભક્તિ સ્વામીએ ભગવાન સંબંધી વાતો કરી.

પ.પૂ. મોટા મહારાજશ્રીએ આશીર્વચનમાં જણાવ્યું કે, ભગવાનનો મહિમા વધે ત્યારે જગતનો મહિમા ઓટોમેટીક ઘટી જાય છે. સત્સંગમાં જેને સાચા ખોટાની પરીક્ષા કરતા આવડે તેનાથી ખોટું છૂટી જાય છે. હું પણું ઘટતું જાય તેમ પરમાત્માનો મહિમા વધતો જાય છે. આ પ્રસંગે ધામોધામનાં જેતલપુર, મહેસાણા, જયપુર અને અમદાવાદથી સંતો પધાર્યા હતા.

સમગ્ર પાટોત્સવના યજમાન અ.નિ. ચૌધરી નાથાભાઈ માધાભાઈ પરિવાર હ. વેલજીભાઈ ગાંડાભાઈ તથા ગોવિંદભાઈએ સુંદર લાભ લીધો હતો. શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સેવા પ્રેરણારૂપ હતી.

શા.સ્વા. આત્મપ્રકાશદાસજીએ આગામી ઈ.સ. ૨૦૧૮ માં બાલવામાં શ્રીહરિના ચરણારવિંદ પડ્યા તેને ૨૦૦ વર્ષ પૂર્ણ થતા હોઈ ‘‘શ્રીહરિ બાલવા આગમન દ્વિશતાબ્દી મહોત્સવ’’ ધામધૂમથી ઉજવવાની હરિભક્તોને હાકલ કરી હતી.

(પ્રમુખશ્રી ન.ના.દેવ યુવક મંડળ, બાલવા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર માણેક્પુર ૨૯ મો પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના રાજીપાથી શ્રી સ્વામિનારાયણ મંદિર માણેકપુરનો ૨૯ મો પાટોત્સવ તા. ૧૨-૪-૧૬ ને ચૈત્ર સુદ-૬ ના ધામધૂમથી ઉજવાયો.

પાટોત્સવના ઉપલક્ષમાં ૧૨ કલાકની મહામંત્ર ધૂન તથા ઠાકોરજીને ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. અન્નકૂટના યજમાન અ.નિ. ચૌધરી સોનીબા ભીખાજી પરિવાર રહ્યાં હતાં.

આ પ્રસંગે કાલુપુર મંદિરથી પૂ. મહંત સ્વામી, ગાંધીનગર (સે-૨)ના મહંત સ્વામી અને આનંદ સ્વામી આદિ સંતોએ પધારી પોતાની અમૃતવાણીનો લાભ આપેલ.

ચૈત્ર સુદ-૧૫ તા. ૨૨-૪-૧૬ ના રોજ શ્રી હનુમાન જયંતી પ્રસંગે શ્રી હનુમાનજી મહારાજને ફળફળાદિનો અન્નકૂટ ધરાવી હનુમાન ચાલીસાના પાઠ કર્યા હતા.

અન્નકૂટના યજમાન ‘‘સહજાનંદગૃપ’’ રહ્યું હતું. (સંચાલન ચૌધરી ડાહ્યાભાઈ શંભુભાઈ માણેકપુર)

**લુણાવાડા યુવા શિબિર એવં શ્રી નરનારાયણદેવ યુવક મંડળ રજત જયંતી**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજીમહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. ૧૦૮ શ્રી લાલજી મહારાજશ્રીના શુભ સાનિધ્યમાં તા. ૨૭-૩-૧૬ ને રવિવારના રોજ ઝાડી દેશના યુવાનોના સત્સંગ પોષણ અને સંવર્ધન અર્થે સુંદર યુવા શિબિરનું આયોજન કરવામાં આવ્યું.

લુણાવાડા શ્રી નરનારાયણદેવ યુવક મંડળે પ.પૂ. લાલજી મહારાજશ્રી સમક્ષ સુંદર સ્વાગત ગાઈને શિબિરનો પ્રારંભ કર્યો. સત્સંગની પૂર્વ ભૂમિકા નાટકના રૂપમાં યોજવામાં આવી હતી. આ પ્રસંગે પધારેલા સંતોએ શ્રી નરનારાયણદેવ અને ધર્મકુળનો સુંદર મહિમા કહ્યો હતો. યુવકોને પોતાના ગામમાં સત્સંગ પ્રવૃત્તિ કરવા આહ્‌વાન કર્યું હતું.

અંતમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીએ આશીર્વાદ આપતા જણાવ્યું કે, આપણે શ્વાસો શ્વાસના શ્રીનરનારાયણદેવના ઋણી છીએ. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ વિશેષને વિશેષ સત્સંગની પ્રવૃત્તિ સંપ-સહકાર અને સાથે મળી કરતા રહો અને આપ સૌની વિશેષ જાગૃતિ-ઉન્નતિ થાય તેવી પરમકૃપાળુ શ્રી

નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના. સમૂહ આરતી બાદ તમામ બાળકોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીના ચરણ સ્પર્શ દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

(લુણાવાડા યુવક મંડળ વતી - હર્નિશ કા.)

**શ્રી સ્વામિનારાયણ મંદિર બાલાસિનોર શતામૃત પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી બાલાસિનોરમાં શ્રીહરિ સમકાલિન સ.ગુ. મહાનુભાવાનંદ સ્વામીએ નિર્માણ કરેલ શ્રી સ્વામિનારાયણ મંદિરને તા. ૯-૩-૧૬ ના ૧૭૫ વર્ષ પૂર્ણ થતા શતામૃત પાટોત્સવ મહોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું.

જેતલપુરધામના સ.ગુ. મહંત શા.સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા.સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીના માર્ગદર્શન અને પ્રેરણાથી સમગ્ર મહોત્સવનું ભવ્ય આયોજન સંપન્ન થયું.

પ્રસંગના ઉપલક્ષમાં સ.ગુ. મહાનુભાવાનંદ સ્વામી રચિત મહાન શાસ્ત્ર શ્રીહરિકૃષ્ણ લીલામૃત ગ્રંથની પંચદિનાત્મક પારાયણ શા.સ્વા. ભક્તિનંદનદાસજી (જેતલપુર)ના વક્તાપદે સંપન્ન થઈ.

આ પ્રસંગે પ્રથમ દિને પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપા ગાદીવાળાશ્રી બહેનોને દર્શન આપવા પધાર્યા હતા. કથા અંતર્ગત વિવિધ ઉત્સવો ઉજવવામાં આવ્યા હતા. ભવ્ય ઠાકોરજીની શોભાયાત્રા, સમગ્ર ગામમાં ફરીને સૌ ભક્તોએ અલૌકિક દર્શનનો લાભ લઈ ધન્ય બન્યા હતા. હરિયાગનું પણ સુંદર આયોજન થયું.

તા. ૯-૩-૧૬ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો ષોડશોપચાર અભિષેક, મહાપૂજા આરતી અન્નકૂટ આરતી તથા યજ્ઞ અને કથાની પૂર્ણાહુતિ તેમજ બહેનોના મંદિરમાં પ્રથમ પાટોત્સવની આરતી સંપન્ન થઈ હતી. યજમાન પરિવારોનું સન્માન થયું હતું. ધામો ધામથી સંતો મહંતો અને સાંખ્યયોગી બહેનો મોટી સંખ્યામાં પધાર્યા હતા.

સભામાં કાછીયા સમાજના યુવાન કે, જેણે પોતની આર્ટકલાથી પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું આર્ટ ફક્ત પાંચ મિનિટમાં તૈયાર કરીને સૌને આશ્ચર્ય ચકિત કરી દીધા હતા. પ્રાસંગિક સભામાં પૂ. પી.પી. સ્વામી, સ.ગુ. મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી, સ.ગુ. મહંત શા. સ્વામી આત્મપ્રકાશદાસજી અને સ.ગુ. શા. સ્વામી નારાયણપ્રસાદદાસજીએ સુંદર અમૃતવાણીમાં બાલાસિનોરના સત્સંગને બિરદાવ્યો હતો.

છેલ્લે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સાંભળી સૌ ભક્તોએ તાળીઓના નાદથી વધાવીને પોતાને ભાગ્યશાળી-ધન્ય ભાગી અનુભવતા હતા. સમગ્ર પ્રસંગમાં જેતલપુર, અંજલી, છપૈયા, મકનસર, મહેસાણા અને જયપુરથી પધારેલા સંતોએ સુંદર સેવા કરી હતી. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને મહિલા મંડળની સેવા પ્રેરણારૂપ હતી. (કોઠારી શ્રી બાલાસિનોર)

**જેતલપુરમાં શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજનો ૧૯૦ મો વાર્ષિક પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા જેતલપુરધામના સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શાસ્ત્રી પી.પી. સ્વામીની પ્રેરણાથી કલોલીના અ.નિ. પ.ભ. પોપટભાઈ લાલજીભાઈ ઠક્કર પરિવાર હ. કનુભાઈ, નરેન્દ્રભાઈ, મહેન્દ્રભાઈ, આદિ પરિવારનાં યજમાન પદે મહાપ્રતાપી શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજનો ૧૯૦ મો વાર્ષિક પાટોત્સવ પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે વિધિવત રીતે ઉજવાયો.

પાટોત્સવના ઉપલક્ષમાં પંચદિનાત્મક શ્રીમદ્ ભાગવત કથા સ.ગુ.શા. સ્વામી ભક્તિનંદનદાસજી (જેતલપુર)ના વક્તાપદે સંપન્ન થઈ હતી. વિવિધ પ્રસંગોમાં ઠાકોરજીની રથયાત્રા, છાબયાત્રા, અન્નકૂટ, ભક્તિ સંધ્યા, ઠાકોરજીનો ષોડશોચાર મહાભિષેક આદિ પ્રસંગો વિવિધતા સભર ઉજવાયા. ધામોધામથી સંતો ખાસ પધાર્યા હતા.

સમગ્ર પ્રસંગમાં મહંતશ્રી કે.પી. સ્વામી, મહંતશ્રી દેવસ્વરૂપ સ્વામી, મહંતશ્રી વી.પી. સ્વામી, મહેસાણા મહંતશ્રી નારાયણ સ્વામી આદિ મંડળના સંતોની સેવા પ્રેરણારૂપ હતી. સૌ ભક્તોએ દર્શન કરી પ્રસાદ લઈ ધન્ય બન્યા હતા. (શા. ભક્તિનંદન સ્વામી, જેતલપુર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર અંજલીમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા જેતલપુર ધામના પૂ. મહંત સ્વામીની પ્રેરણાથી તથા અંજલી મંદિરના મહંત સ્વામીના માર્ગદર્શનથી તા. ૧૮-૪-૧૬ થી તા. ૨૪-૪-૧૬ પર્યન્ત શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ શા. સ્વામી ભક્તિનંદનદાસજી (અંજલી)ના વક્તાપદે સંગીતના તાલે સંપન્ન થઈ હતી.

આ પ્રસંગે જેતલપુરથી સ.ગુ. શા.સ્વામી આત્મપ્રકાશદાસજી, શા. પી.પી. સ્વામી, શા.સ્વા. નારાયણપ્રસાદદાસજી (સાયલા), શા.સ્વા. અખિલેશ્વદાસજી (મથુરા), બ્ર. સ્વા. વાસુદેવાનંદજી, સ.ગુ. શા.સ્વા. હરિકેશવદાસજી (ગાંધીનગર સે-૨૩) આદિ સંતો તથા ધામોધામથી સાંખ્યયોગી બહેનો પધાર્યા હતા અને આશીર્વાદ આપ્યા હતા.

કથા અંતર્ગત પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને બહેનોને દર્શન આશીર્વાદ આપી ખૂબજ રાજી થયા હતા.

કથા અંતર્ગત શ્રીકૃષ્ણ જન્મોત્સવ રૂક્ષ્મણી વિવાહ, આદિ પ્રસંગો ધામધૂમથી ઉજવાયા હતા.

કથાના યજમાન પદનો લાભ પ.ભ. અમૃતભાઈ, સવજીભાઈ ઠક્કર (સાકોદરા) પરિવારે લીધો હતો.

સમગ્ર કથામાં સભા સંચાલન શા.સ્વા. હરિપ્રકાશદાસજી (મકનસર) એ સંભાળ્યું હતું.

મહંત સ્વામી વિશ્વપ્રકાશદાસજીએ સુંદર આયોજન કર્યું હતું. યુવક મંડળ અને મહિલા મંડળે સુંદર સેવા બજાવી હતી. (કોઠારીશ્રી અનીલભાઈ, અંજલી)

**ધાકડી (તા. વિરમગામ) ગામે શ્રીમદ્ સત્સંગિભૂષણ પારાયણ**

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ જેતલપુર મંદિરના મહંત સ.ગુ. શા.સ્વા. આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી વિરમગામ તાલુકાના ધાકડી ગામે શ્રીમદ્ સત્સંગિભૂષણ પંચદિનાત્મક કથા સ.ગુ. શા.સ્વામી ભક્તિનંદનદાસજી (જેતલપુર)ના વક્તાપદે સુમધુર કંઠે તા. ૭-૪-૧૬ થી તા. ૧૨-૪-૧૬ પર્યન્ત થઈ હતી.

તા. ૭-૪-૧૬ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે કથાનો પ્રારંભ થયો હતો. યજમાન પરિવારના પ.ભ. પટેલ મનહરભાઈ ખુશાલભાઈ આદિ પરિવારે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા.

ધામોધામથી સંતો પધાર્યા હતા. કથા અંતર્ગત પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને બહેનોને રાજી થઈ આશીર્વાદ આપ્યા હતા. જેતલપુર, કાલીયાણા, પાટડીથી સાંખ્યયોગી બહેનો પધાર્યા હતા. તેમજ જેતલપુર, છપૈયા, મહેસાણા, જયપુર, કાલુપુર, કાંકરિયા, વડનગર આદિ ધામોથી સંતો પધાર્યા હતા. ધાકડીના યુવાનોની સેવા પ્રેરણારૂપ હતી.

(તેજેન્દ્ર ભટ્ટ, જેતલપુરધામ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાશીન્દ્રા (બહેનોનું) દશાબ્દી મહોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળની આજ્ઞા-આશીર્વાદથી તથા જેતલપુરધામના પૂ. મહંત શા.સ્વા. આત્મપ્રકાશદાસજી તથા પૂ. સ.ગુ. શા.સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી કાશીન્દ્રા (બહેનોનું) શ્રી સ્વામિનારાયણ મંદિરનો દશાબ્દી મહોત્સવ દબદબાપૂર્વક ઉજવાયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ ભાગવત દશમસ્કંધ ત્રિદિનાત્મક કથા જેતલપુરધામના નવ યુવાન શાસ્ત્રી સ્વામી ભક્તિનંદનદાસજીના વક્તાપદે વિધિવત રીતે સંપન્ન થઈ. મહોત્સવના યજમાન અત્રેના પ.ભ. અ.નિ. મનુભાઈ નાગરદાસ પટેલ પરિવાર હ. સંજયભાઈ રહ્યાં હતાં. પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો અભિષેક, અન્નકૂટ આરતી ઉતારવામાં આવી હતી.

ત્યારબાદ સભામાં સંતોની પ્રેરક વાણી બાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સત્સંગ વર્ધક પ્રેરક આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે જેતલપુર, છપૈયા, કાંકરિયા, મૂળી, મકનસર અને અંજલી મંદિરથી સંતો પધાર્યા હતા.

(જેતલપુરધામ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર સાપાવાડા પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવં સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સાપાવાડા મંદિરના મહંત સ્વામી માધવપ્રસાદદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર સાપાવાડાના દેવનો ૨૩ મો વાર્ષિક પાટોત્સવ તા. ૧૪-૩-૧૬ ના રોજ અત્રે ગામના અ.નિ. દવજીભાઈ કરશનભાઈ પટેલ તથા અ.નિ. નરેશભાઈ દવજીભાઈ પટેલ હ, ગં.સ્વ. ધૂળીબેન દવજીભાઈ પટેલના યજમાનપદે ઉજવાયો. અત્રે નવ નિર્મિત મંદિરનું સ્થંભ પૂજન પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે થયું હતું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારીને સૌને અલૌકિક દર્શનનો લાભ આપ્યો હતો. ધામોધામથી

સંતો પધાર્યા હતા. સભા સંચાલન હિમંતનગર મંદિરના મહંત સ્વામીએ સંભાળ્યું હતું. (કોઠારીશ્રી)

**કાંકરિયા (રામબાગ) મંદિરમાં (બહેનોની) સપ્તાહ પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આશીર્વાદાત્મક આજ્ઞાથી તથા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીના રૂડા આશીર્વાદથી એવમ્ કાંકરિયા મંદિરના મહંત સ્વામીની પ્રેરણાથી તા. ૧૧-૪-૧૬ થી તા. ૧૭-૪-૧૬ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ અ.સૌ. પદમાબેન ભોગીલાલ ભાવસારના યજમાનપદ અત્રે મંદિરના મારૂતિ હોલમાં સાં. બચીબાના શિષ્ય સાં. નર્મદાબા (જેતલપુરવાળા)ના વક્તાપદે સંગીતના તાલે સંપન્ન થઈ. કથામાં આવતા પ્રસંગો શ્રી ઘનશ્યામ જન્મોત્સવ, શ્રી રામપ્રતાપજી મહારાજના લગ્ન, ગાદી પટ્ટાભિષેક, સમૂહ આરતી, રાસોત્સવ, છાબ આદિ પ્રસંગો ધામધૂમથી ઉજવાયા હતા.

સમગ્ર બહેનોએ કથાશ્રવણ કરી ધન્યતા અનુભવી હતી. અત્રેના મહિલા મંડળે સુંદર સેવા બજાવી હતી

(સોનાબેન, રૂપાબેન રામબાગ મહિલા મંડળ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કોઠંબાનો ૨૧ મો પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના રાજીપાથી તથા સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. માધવ સ્વામીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર કોઠંબાનો ૨૧ મો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગે સવારે ષોડશોપચાર મહાપૂજા બાદ જેતલપુરથી પધારેલા પૂ. શા.પી.પી. સ્વામીના હસ્તે ઠાકોરજીનો અભિષેક અને અન્નકૂટ આરતી ઉતારીને સભામાં સંતોએ ભગવાનના મહિમાની વાતો કરી હતી. જેમાં જેતલપુર, કાંકરિયા, અંજલી, મહેસાણા, જયપુર, નારણપુરા, ખારોલ, લુણાવાડા અને છપૈયાધામના સંતો પધાર્યા હતા.

પાટોત્સવના યજમાન કા. દિલીપભાઈ દલસુખભાઈ પરિવાર હ. સંદિપ અને જતીન રહ્યાં હતાં.

મહાપ્રસાદના યજમાન પટેલ અનીલભાઈ રમણભાઈ રહ્યાં હતાં. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને મહિલા મંડળની સેવા પ્રેરણારૂપ હતી.

(કિશન કા. કોઠંબા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર અંજલી (વાસણા)માં મારૂતિ યજ્ઞ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના રાજીપાથી તથા સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. પી.પી. સ્વામીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર અંજલી (વાસણા) ખાતે ચૈત્ર સુદ-૧૫ ના શ્રી હનુમાન જયંતી પ્રસંગે સુંદર મારૂતિ યજ્ઞનું આયોજન થયું હતું. જેના યજમાન પ.ભ. જનકભાઈ વિનુભાઈ પટેલ પરિવાર રહ્યાં હતાં. પૂર્ણાહુતિ પ્રસંગે મૂળી મંદિરના ટ્રસ્ટી સ.ગુ. શા.સ્વા. નારાયણપ્રસાદદાસજી તેમજ જેતલપુર, નારણપુરા, જયપુર, મહેસાણા, કાંકરિયા અને મકનસરથી સંતો પધાર્યા હતા. મહંત સ્વામી વિશ્વપ્રકાશદાસજીએ સુંદર આયોજન કર્યું હતું.

(કોઠારીશ્રી, અંજલી મંદિર)

**કણભા ગામે સત્સંગ સભા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર કણભા ખાતે તા. ૧૦-૪-૧૬ ના રોજ સુંદર સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે હરિભક્તોના આગ્રહથી ૧૫ વર્ષ બાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ગાદી પર પદારુઢ થાય બાદ પ્રથમ વખત શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પધાર્યા હતા.

સત્સંગ સભામાં ધામો ધામના સંતો પૈકી જેતલપુર, કાંકરિયા, કાલુપુર, નારણપુરા, મકનસર, સિધ્ધપુર, હિંમતનગર, પેથાપુર, બાવળા, બોપલ અને વણજરના સંતો પધાર્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સમસ્ત સભાને ખૂબજ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

આજુબાજુના ઘણા ગામોથી ભક્તોએ સભાનો લાભ લીધો હતો. (કોઠારીશ્રી કણભા)

**લાલોડા ધામે (તા. ઈડર) યુવા શિબિર**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા આપણા ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ સાનિધ્યમાં અને લાલોડા શ્રી સ્વામિનારાયણ મંદિરના સ.ગુ. તપોવૃધ્ધ પૂજ્ય મહંત શા.સ્વા. ઘનશ્યામજીવનદાસજીના સંકલ્પથી તથા સ્વામી વિશ્વપ્રકાશદાસજી તથા પૂજારી સ્વામી બાળકૃષ્ણદાસજીના માર્ગદર્શનથી અને સમસ્ત હરિભક્તોના સાથ સહકારથી સાબરકાંઠા પ્રદેશની સુંદર

યુવા શિબિર તા. ૨૪-૪-૨૦૧૬ ને રવિવારના રોજ લાલોડા ધામમાં યોજાઈ. જેમાં ૧૪૦૦ જેટલા યુવાનોએ ભાગ લીધો હતો.

તા. ૨૪-૪-૨૦૧૬ ના રોજ સવારે ૯-૦૦ કલાકે પ.પૂ. લાલજી મહારાજશ્રીનું આગમન થતા સૌ પ્રથમ મંદિરમાં પધારી ઠાકોરજીની આરતી ઉતારી શિબિરના સ્થળે પધારીને દિપ પ્રગટાવી શિબિરનો મંગલ પ્રારંભ કર્યો હતો.

આ પ્રસંગે ધામોધામથી સંતો પૈકી મહંતશ્રી કે.પી. સ્વામી (જેતલપુર), ગુરુપ્રસાદ સ્વામી (કાંકરિયા), શા. વિશ્વસ્વરૂપદાસજી, મહંત માધવપ્રસાદ સ્વામી, બળદેવ સ્વામી, હરિજીવન સ્વામી અને શા. ચંદ્રપ્રકાશ સ્વામી આદિ સંતો ઉપસ્થિત રહ્યાં હતા. અને યુવાનોને સર્વોપરી સત્સંગની અને શ્રી નરનારાયણદેવ અને ધર્મકુળના મહિમાની સુંદર ઉપદેશાત્મક વાતો કરી હતી.

અંતમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સૌ યુવાનોને શ્રી નરનારાયણદેવમાં વિશેષ નિષ્ઠા અને નિયમ, નિશ્ચય અને પક્ષ શિર સાટે રાખવા સાથે રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ૧૪૦૦ યુવાનોએ ઐતિહાસિક યુવા સાંકળ રચીને ધર્મકુળ પ્રત્યેની દ્રઢ નિષ્ઠાના દર્શન કરાવ્યા હતા. સાંજે વિશાળ સત્સંગ રેલી યોજવામાં આવી હતી.

સમગ્ર પ્રસંગમાં મહંત શા. પ્રેમપ્રકાશદાસજી, સ્વા. સુખનંદનદાસજી અને ગોપાલ સ્વામીએ સુંદર સેવા બજાવી હતી. (ભૂમિત પટેલ)

**ભાવનગરપુરા (કલોલ) ગામે ૯ મો વાર્ષિક પાટોત્સવ એવમ્ પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સિદ્ધેશ્વર સ્વામી અને પૂ.પી.પી. સ્વામી (ગાંધીનગર મહંતશ્રી)ની પ્રેરણા અને માર્ગદર્શનથી તા. ૧૬-૪-૧૬ થી તા. ૧૮-૪-૧૬ પર્યંત શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૯ મો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો.

પાટોત્સવ અંતર્ગત ત્રિદિનાત્મક શ્રી જ્ઞાનયજ્ઞ શ્રીમદ્ સત્સંગિજીવન કથા સ.ગુ. શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (ગાંધીનગર)ના વક્તાપદે સંગીતમય શૈલીમાં સંપન્ન થઈ હતી. પારાયણના યજમાન પ.ભ. ઈશ્વરભાઈ હરગોવનદાસ પટેલ પરિવારે લાભ લીધો હતો. પારાયણ દરમ્યાન પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા બહેનોના ગુરુ પ.પૂ. અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને મહિલા મંડળની સેવા પ્રેરણારૂપ હતી.

(કોઠારીશ્રી, ભાવનગરપુરા - કલોલ)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

**નરનારાયણ નગર ગામે કથા પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રાજીપાથી તથા સુરેન્દ્રનગર મંદિરના મહંત સ્વામીની પ્રેરણાથી માલણીયાદ (તા. હળવદ) ગામના મંદિરને ૧૦૦ વર્ષ પૂર્ણ થતા તથા નવા માલણીયાદ (નરનારાયણનગર) મંદિરને ૨૦ વર્ષ પૂર્ણ થતા અહીંનાં સત્સંગને પોષણ કરતા અ.નિ. પૂ.સ.ગુ. સ્વામી રાધામનોહરદાસજીના સ્મરણાર્થે શતાબ્દી એવં વિદશાબ્દી મહોત્સવ તા. ૪-૪-૧૬ થી તા. ૮-૪-૧૬ પર્યન્ત ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે સ.ગુ.શા.સ્વા. શ્રીજીપ્રકાશદાસજી (હાથીજણ)ના વક્તાપદે શ્રીમદ્ સત્સંગિભૂષણ પંચાન્હ પારાયણ, ત્રિદિવસીય હરિયાગ, સાંસ્કૃતિક પ્રોગ્રામ, તથા કથામાં આવતા ઉત્સવો ધામધૂમથી ઉજવ્યા હતા.

તા. ૮-૪-૧૬ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. જેઓશ્રીના વરદ્ હસ્તે માલણીયાદ, કૃષ્ણનગર અને નરનારાયણનગર આદિ ત્રણેય મંદિરમાં ઠાકોરજીનો અભિષેક, અન્નકૂટ આરતી ઉતારી કથાની પૂર્ણાહુતિ કરી હતી. યજમાનોનું સન્માન આદિ કરી સભામાં બિરાજમાન થયા હતા. ધામો ધામથી સંતો અને સાંખ્યયોગી બહેનો પધાર્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ખૂબજ રૂડા આશીર્વાદમાં સૌ ભક્તોને શ્રી નરનારાયણદેવ અને મૂળી શ્રી રાધાકૃષ્ણદેવની વિશેષ નિષ્ઠા રાખવા ભારપૂર્વક કહ્યું હતું. સભા સંચાલન શા. સ્વામી ભક્તિનંદનદાસજી (મોરબી મહંત) તથા પૂજારી ત્યાગવલ્લભ સ્વામીએ સુંદર રીતે કર્યું હતું.

સમસ્ત ત્રણે ગામને ગામ ધુમાડા બંધ જમાડવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમના માર્ગદર્શક કોઠારી સ્વામી કૃષ્ણવલ્લભદાસજી રહ્યાં હતાં. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને મહિલા મંડળની સેવા સુંદર રહી હતી.

અન્ય સેવામાં કો. બ્રહ્મ સ્વામી, પ્રેમવલ્લભ સ્વામી, ઘનશ્યામ સ્વામી, શ્રીજી સ્વામી અને સેવાવત્સલ સ્વામી જોડાયા હતા. (શૈલેન્દ્રસિંહ ઝાલા)

**ધ્રાંગધ્રાં ગામે પ.પૂ. મોટા મહારાજશ્રીનો ૭૩ મો પ્રાકટ્યોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે ધ્રાંગધ્રા ખાતે પ.ભ. લચ્છુભાઈ સીંધીના નિવાસ સ્થાને તા. ૨૫-૪-૧૬ ચૈત્ર વદ ત્રીજના શુભ દિને પ.પૂ. મોટા મહારાજશ્રીના ૭૩ માં પ્રાકટ્યોત્સવ દિને સભામાં પ.પૂ. મોટા મહારાજશ્રીની તસવીરનું પૂજન-અર્ચન કરી સૌએ શ્રીજી મહારાજને પ્રાર્થના કરી હતી કે પ.પૂ. મોટા મહારાજશ્રી સમગ્ર સત્સંગને વિશેષને વિશેષ સુખ આપે તેવી પ્રાર્થના કરી હતી. જેમાં દલવાડી જયંતીભાઈ, પૂજારા નટુભાઈ, ભગવાનજીભાઈ દલવાડી અને અનીલભાઈ દુધરેજીયા ઉપસ્થિત રહ્યાં હતાં. (અનીલભાઈ દુધરેજીયા)

## વિદેશ સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર વિહોકન (આઈ.એસ.એસ.ઓ.)**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા નરનારાયણ સ્વામીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર વિહોકનમાં ચૈત્ર સુદ-૯ શ્રીહરિ પ્રાકટ્યોત્સવ દિને શ્રીરામ જન્મોત્સવ આરતી, રાત્રે રાસ ગરબા અને રાત્રે ૧૦-૧૦ શ્રીહરિ પ્રાકટ્યોત્સવની આરતી કરી સૌ હરિભક્તોએ ધામધૂમથી પ્રાકટ્યોત્સવ ઉજવ્યો હતો. ૧૬ એપ્રિલ શનિવારે સાંજે ૫ થી ૮ સત્સંગ સભામાં ભગવાનની પ્રસાદીની ચાખડીઓનું ફુલ-સૂકામેવાથી પૂજન કર્યું હતું. સ્વામીએ શ્રીજી મહારાજની બાલ લીલાની કથા સંભળાવી હતી. અત્રે મંદિરનો ૨૯ મો પાટોત્સવ ૧૯ મે થી ૨૨ મે દરમ્યાન ઉજવાશે.

(બળદેવભાઈ પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર એટલાન્ટા (આઈ.એસ.એસ.ઓ.) (જી.એ.)**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના રાજીપાથી તથા અત્રેના મહંત સ્વામીની પ્રેરણાથી અત્રે તા. ૨૬-૩-૧૬ ના રોજ શનિવાર શ્રી નરનારાયણદેવ જયંતી ફુલદોલોત્સવ સૌએ સાથે મળી ધામધૂમથી ઉજવ્યો હતો. સંતોએ ઠાકોરજીને સુંદર વાઘા ધરાવી દર્શન કરાવ્યા હતા.

શ્રી તેજેશભાઈના માર્ગદર્શનથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળે ખૂબજ શ્રધ્ધા ભક્તિથી ઠાકોરજીનું સિંહાસન તથા પારણું અવનવા સુંદર ફુલોથી શણગાર્યું હતું. શ્રીહરિને પારણે ઝુલાવી ગુલાલ ઉડાડી ભવ્ય ફુલદોલોત્સવ ઉજવ્યો હતો.

પ્રેસિ.શ્રી દક્ષેશ પટેલે આભાર વિધિ કરીને આગામી ૧૨ થી ૧૬ જુલાઈના એટલાન્ટા મંદિરના પંચમ પાટોત્સવની જાહેરાત કરી હતી. જે નિમિત્તે ફેબ્રુ. ૨૦૧૬ થી દર શનિવારે સભા બાદ દોઢ કલાક ધૂન કરવામાં આવે છે.

સમસ્ત હરિભક્તોને પાટોત્સવમાં લાભ લેવા ખાસ આગ્રહપૂર્વક જણાવ્યું હતું. ઠાકોરજીને ફુલહાર માટે અત્રે વાડીમાં ફુલોના રોપા રોપવામાં આવ્યા હતા. પાટોત્સવમાં સમગ્ર ધર્મકુળ પધારશે તેમાં સૌ ભક્તોએ શ્રીહરિના અપર સ્વરૂપના પૂજનમાં લાભ લેવા ખાસ ભલામણ કરી હતી. ધર્મકુળનું પૂજન એ સ્વંય શ્રીહરિનું પૂજન છે માટે સૌએ સુંદર અલૌકિક લાભ લેવો.

(ટ્રસ્ટી મંડળ એટલાન્ટા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર શિકાગો**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી એવમ્ સમગ્ર ધર્મકુળના રાજીપાથી તથા શિકાગો મંદિરના સંતોની પ્રેરણાથી મંદિરમાં ફુલદોલોત્સવ, રામનવમી, શ્રી સ્વામિનારાયણ જયંતી, સમૂહ મહાપૂજા વગેરે ઉત્સવમાં અનેક હરિભક્તોએ પૂજા આરતીનો લાભ લીધો હતો. પૂજારી શાંતિ સ્વામીના માર્ગદર્શન પ્રમાણે મહંત શા. યજ્ઞપ્રકાશ સ્વામીએ મહાપૂજા કરાવી હતી. જેમાં ઘણા હરિભક્તોએ લાભ લીધો હતો.

જેના યજમાન શ્રી પ્રવિણભાઈ કાંતિભાઈ પટેલ (નાના ભગત) પરિવાર, સહ યજમાન શ્રી સંજયભાઈ સોની પરિવાર અને ફૂલહારની સેવામાં શ્રી વિષ્ણુભાઈ પટેલ (ફાર્મસી વાળા) રહ્યાં હતા.

ચૈત્ર સુદ-૯ થી ચૈત્ર સુદ-૧૫ પર્યન્ત સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી રચિત ''સ્નેહ ગીતા'' સપ્તાહ પારાયણ શાસ્ત્રી સ્વામી યજ્ઞપ્રકાશદાસજીના સુંદર મધુર કંઠે થઈ હતી.

અત્રે મંદિરની ઓફિસમાં નિષ્ઠાથી સેવા કરતા અ.નિ. રમણદાદા (મોટા ભગતના બાપુજી)ની પુણ્ય સ્મૃતિમાં ઉપરોક્ત કથા પારાયણ ગં.સ્વ. શાંતાબેન રમણભાઈ પટેલ તથા તેમના પુત્રો શ્રી નરેન્દ્રભાઈ, શ્રી મુકુન્દભાઈ, શ્રી ઘનશ્યામભાઈ (મોટા ભગત) આદિ પરિવારે યજમાન બની લાભ લીધો હતો. કથાની પૂર્ણાહુતિ પ્રસંગે

આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સાથે જેતલપુર ધામના પૂ. શાસ્ત્રી પી.પી. સ્વામી અને ભાગવતાચાર્ય શ્રી યોગેન્દ્રભાઈ ભટ્ટ પધાર્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને શા.પી.પી. સ્વામીએ અ.નિ. રમણદાદાની સેવા, નિષ્ઠા અને પક્ષને બિરદાવ્યો હતો. પ્રેસિ. પ.ભ. જગદીશભાઈ એ આભાર વિધિ કરી હતી.

(વસંત ત્રિવેદી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર છપૈયાધામ પારસીપની (આઈ.એસ.એસ.ઓ.)**

શ્રી નરનારાયણદેવ શ્રી સ્વામિનારાયણ મંદિર પારસીપની છપૈયાધામ ન્યુજર્સી ખાતે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી એવમ્ સમગ્ર ધર્મકુળના રાજીપાથી રવિવાર સાંજના મહંત સ્વામીની ઉપસ્થિતમાં યજમાન પરિવાર સાથે હરિભક્તોએ ધૂળેટી ઉત્સવ ધામધૂમથી મનાવ્યો હતો.

શ્રીહરિ પ્રાકટ્યોત્સવ પ્રસંગે અમદાવાદથી પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી બહેનોને દર્શન આશીર્વાદ આપવા પધાર્યા હતા. સભામાં સૌ ભક્તોએ સાથે મળી ધૂન-ભજન કીર્તન કર્યા હતા. મહંત સ્વામીએ સર્વોપરિ શ્રીહરિનું લીલા ચરિત્ર કહ્યું હતું. આગામી પ્રથમ પાટોત્સવની જાહેરાત કરવામાં આવી હતી. યજમાનશ્રી બાપુભાઈ પટેલ તથા સહ યજમાનનું સન્માન કરવામાં આવ્યું હતું. બહેનોની સભામાં પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

(પ્રવિણ શાહ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયા (આઈ.એસ.એસ.ઓ.) શ્રી નરનારાયણદેવ જયંતી ઉત્સવ**

શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયા ન્યુજર્સી ખાતે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના રાજીપાથી શનિવાર વિકેન્ડમાં અત્રે પધારેલા પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી તથા પૂ. બિન્દુરાજાના શુભ સાનિધ્યમાં (બહેનોના વિભાગમાં) તથા ન્યુયોર્ક, ન્યુજર્સી, ચેરીહીલ, એલટાઉન, પારસીપની, વિહોકન ફીલાડેલ્ફીયા એટલાન્ટા અને પેન્સીલ વેનીવાથી પધારેલા ભક્તોની ઉપસ્થિતિમાં શ્રી નરનારાયણ જયંતી ફુલ દોલોત્સવ જન્મ જયંતીના કીર્તનો ગાઈને ઉજવ્યો હતો. પાર્ષદ મૂળજી ભગતે શ્રી નરનારાયણદેવની સુંદર કથા સંભળાવી હતી. બહેનોના વિભાગમાં પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીએ ભેટ, પુષ્પ, પ્રસાદ અર્પણ કરી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સેવા કરનાર યજમાનોનું સન્માન કરવામાં આવ્યું હતું. બહેનોમાં સેવા કરનાર બહેનોને પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી અને પૂ. બિન્દુરાજાએ રૂડા આશીર્વાદ આપી ખૂબજ રાજી થયા હતા. છેલ્લે ઠાકોરજીને થાળ-આરતી નિત્ય નિયમ બાદ સભા પૂર્ણ થઈ હતી. (પ્રવિણ શાહ)

**વડતાલધામ શ્રી સ્વામિનારાયણ મંદિર એલનટાઉન (આઈ.એસ.એસ.ઓ.)**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના રાજીપાથી તથા એલન ટાઉન મંદિરના મહંત સ્વામીની પ્રેરણાથી શનિવાર વિકેન્ડમાં શ્રી નરનારાયણ જયંતી ફુલદોલોત્સવ સૌ ભક્તોએ અને યજમાન પરિવારે સાથે મળી ઉજવ્યો હતો. સભામાં મહંત સ્વામીએ ફુલ દોલોત્સવનું મહિમા માહાત્મય કહ્યું હતું. ૩૦૦ જેટલા ભક્તોએ ઉત્સવમાં ધૂન-કીર્તન સમૂહમાં કર્યા હતા.

અન્ય સેવા કરનાર ભીખાભાઈ, વિરલકુમાર રમેશભાઈ, મુકેશભાઈ, બળદેવભાઈ ડાંગરવા, વિપુલકુમાર મુલચંદભાઈ, ગીરીશકુમાર, સેવંતીભાઈ આદિ હરિભક્તોની સેવાને મહંત સ્વામીએ બિરદાવી હતી. બહેનોની સેવાને પણ બિરદાવવામાં આવી હતી. ૩૫ બાળકો દ્વારા મંદિરમાં સુંદર શિબિર કરીને અનેક ભક્તોને સંપ્રદાયની વિશેષ માહિતી પુરી પાડવામાં આવી હતી. (પ્રવિણ શાહ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હ્યુસ્ટન (આઈ.એસ.એસ.ઓ.)**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી એવમ્ સમગ્ર ધર્મકુળના રાજીપાથી તથા હ્યુસ્ટન શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત ભક્તિનંદન સ્વામી તથા નિલકંઠ સ્વામીની પ્રેરણાથી હોળી-ધૂળેટી ઉત્સવ ધામધૂમથી મનાવ્યો હતો. યજમાન અને સહયજમાનોએ પૂજનમાં લાભ લીધો હતો.

શ્રી નરનારાયણદેવ જયંતી ઉત્સવ ખૂબજ ધામધૂમથી ભગવાન સમક્ષ ફુલદોલના કીર્તન ગાઈ ઉજવ્યો હતો. ભગવાનને અલૌકિક ફુલોના વાઘા ધરાવવામાં આવ્યા હતા. સંતોએ સભામાં શ્રી નરનારાયણ જયંતી ફુલદોલોત્સવનું સુંદર માહાત્મ્ય કહ્યું હતું. અનેક ભક્તોએ વિવિધ સેવામાં લાભ લઈ ધન્યતા અનુભવી હતી. છેલ્લે ઠાકોરજીની નિત્ય નિયમ-આરતી બાદ સૌએ પ્રસાદ લઈ સભા પૂર્ણ થઈ હતી. (પ્રવિણ શાહ)

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

| તિથિ | રસોઈ આપનાર | ગામ |
|---|---|---|
| ફાગણ સુદ-૫ | રાણપરા મિહીર સુરેન્દ્રભાઈ (ચુરમાના લાડુ) | |
| ફાગણ સુદ-૫ | ઠક્કર મણીલાલ રામજીભાઈ (ચુરમાના લાડુ) | બાવળા |
| ફાગણ સુદ-૫ | અ.નિ. કાંતાબેન માવજીભાઈ ટાંક (ચુરમાના લાડુ) | જીરાગઢ |
| ફાગણ સુદ-૫ | અ.નિ. અ.સૌ. રાજેન્દ્રકુમારી મિશ્રા (ગુલાબ જાંબુ) (પૂ. મોટા બહેન) | અમદાવાદ |
| ફાગણ સુદ-૫ | પટેલ મુક્તેજ રવિન્દ્રભાઈ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| ફાગણ સુદ-૫ | હાલાઈ ધનબેન નાથલાલ (ચુરમાના લાડુ) | દહીંસરા-કચ્છ |
| ફાગણ સુદ-૬ | ભક્તચિંતામણી મંડળ (ડ્રાઈફ્રૂટ હલવો) | કાંદીવલી-મુંબઈ |
| ફાગણ સુદ-૬ | ધનબાઈ કાનજી હિરાણી (મગસ) | મિરઝાપુર-કચ્છ |
| ફાગણ સુદ-૬ | અ.સૌ. પટેલ અમિતાબેન ભાવેશભાઈ (મગસ) | કલોલ |
| ફાગણ સુદ-૬ | અ.સૌ. પટેલ કોકીલાબેન ભરતભાઈ (મગસ) | કલોલ |
| ફાગણ સુદ-૬ | પટેલ ગીતાબેન રાજેશકુમાર (ડ્રાઈફ્રૂટ હલવો) | વડુ |
| ફાગણ સુદ-૬ | ભૂડીયા કાનજી વાલજી (મગસ) | મદનપુર-કચ્છ |
| ફાગણ સુદ-૬ | ધીયા બ્રિજલ અમિતભાઈ (મગસ) | અમદાવાદ |
| ફાગણ સુદ-૧૨ | અ.નિ. રેવાબેન પુરૂષોત્તમદાસ પટેલ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| ફાગણ સુદ-૧૨ | અ.નિ. હંસાબેન મણીલાલ પટેલ (દૂધપાક પુરી) | |
| ફાગણ સુદ-૧૨ | હિરાણી પ્રણિલ (ચુરમાના લાડુ) | વેલીંગ-યુ.કે. |
| ફાગણ સુદ-૧૨ | અ.નિ. લાલબાઈ કેશરા હિરાણી (ચુરમાના લાડુ) | કેરા-કચ્છ |
| ફાગણ સુદ-૧૨ | રાઠોડ ભરતકુમાર (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| ફાગણ સુદ-૧૨ | પટેલ બાબુભાઈ કેશવલાલ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| ફાગણ સુદ-૧૨ | અ.નિ. રામબાઈ પ્રેમજી રાજાણી (ચુરમાના લાડુ) | રામપર-વેકરા |
| ફાગણ સુદ-૧૨ | ચોકસી મનીષ જીતેન્દ્રકુમાર (મોહનથાળ) | અમદાવાદ |
| ફાગણ સુદ-૧૨ | ગજ્જર વાસુદેવભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| ફાગણ સુદ-૧૨ | કવિ ભાસ્કરભાઈ જે. (મોહનથાળ) | અમદાવાદ |
| ફાગણ સુદ-૧૨ | પટેલ પરસોતમભાઈ ભુરાભાઈ (મોહનથાળ) | પંચમહાલ |
| ફાગણ સુદ-૧૨ | ડૉ. વિનુભાઈ લીંબાચીયા (મોહનથાળ) | અમદાવાદ |
| ફાગણ વદ-૩ | અ.નિ. ઈશ્વરલાલ દુર્લભરામ મોદી (ચુરમાના લાડુ) | વડનગર |
| ફાગણ વદ-૩ | ભાવસાર ઘનશ્યામભાઈ હસમુખલાલ (મોહનથાળ) | પ્રાંતિજ |
| ફાગણ વદ-૩ | દિલીપભાઈ રૂઘનાથભાઈ (મોહનથાળ) | બામરોલી |
| ફાગણ વદ-૪ | ખાટસુરીયા ગુણવંતરાય મોહનરાય (સાટા) | ભાવનગર |
| ફાગણ વદ-૪ | પટેલ શકુંતલાબેન એચ. (મગસ) | અમદાવાદ |
| ફાગણ વદ-૪ | પોંકીયા ધીરૂભાઈ મનજીભાઈ (મગસ) અ.નિ. ગોદાવરીબાના નિમિત્તે | અમદાવાદ |
| ફાગણ વદ-૪ | કામદાર ધિરેનભાઈ અનંતરાય ગુણવંતરાય (મગસ) | પોરબંદર |
| ફાગણ વદ-૪ | વેલજીભાઈ પ્રેમજીભાઈ ગાબાણી (મગસ) | સુરત |
| ફાગણ વદ-૭ | પટેલ રમેશભાઈ ગણેશભાઈ (મગસ) | લુણાવાડા |
| ફાગણ વદ-૭ | પટેલ મનસુખભાઈ પૂંજાભાઈ (મગસ) | જાનવડ |
| ફાગણ વદ-૭ | લાલજી રવજી - લાલબાઈ લાલજી (મગસ) | માંડવી-કચ્છ |
| ફાગણ વદ-૧૦ | પટેલ બાબુભાઈ સોમદાસ (મગસ) | વડુ |
| ફાગણ વદ-૧૦ | વાડીલાલ ચિમનલાલ (સાટા - મગસ) | અમદાવાદ |
| ફાગણ વદ-૧૩ | અ.નિ. સુપુત્રી કાંતાબેન માવજીભાઈ ટાંક (બુંદીના લાડુ) | જીરાગઢ-હાલાર |
| ફાગણ વદ-૧૩ | બોધાણી કિશોરભાઈ (ફ્રૂટ મઠો) | અમદાવાદ |
| ફાગણ વદ-૧૩ | અ.નિ. ધનજી રામજી રાબડીયા (બુંદીના લાડુ) | વાડાસર-કચ્છ |

# શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

**પ.પૂ. મોટા મહારાજશ્રી અને સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી શ્રીજી પ્રસન્નાર્થે**

૧૧૦૧/- કાચા લક્ષ્મણભાઈ રમણીકભાઈ, કાચા ટેલર્સ-લેસ્ટર
ચંદુભાઈ, વિનોદભાઈ, પ્રકાશભાઈ આર., પ્રકાશભાઈ એમ.
કપીલભાઈ,સૂરજ, કુલદિપ, કર્નલ, પૃથ્વીરાજ અને સહજ
આદિ પરિવાર

૫૫૫/- પ.પૂ. મોટા મહારાજશ્રીના ઈસ્ટ લંડન-ફોટડી(કચ્છ)
રાજીપા અર્થે ભૂડીયા કાંતિલાલ કેસરા

૫૫૫/- પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીના ઈસ્ટ લંડન-ફોટડી(કચ્છ)
રાજીપા અર્થે અ.સૌ. જસવંતીબેન કાંતિલાલ ભૂડીયા

૧૦૧/- અ.નિ. હંસાબેન હર્ષદભાઈ પટેલ દહેગામ
માસિક પુણ્ય તિથિ નિમિત્તે

૫૦૦/- પટેલ તુલસીબેન શ્રીહરિ-ધર્મકુળ પ્રસન્નાર્થે કચ્છ-ઈસ્ટલંડન

૧૦૦/- અ.નિ. ભાસ્કરભાઈ બચુભાઈના સ્મરણાર્થે નાંદોલ

૧૦૦/- પટેલ કેતન કાશીરામભાઈ ચિ. માન્યના જન્મ દિને વિહાર

૧૦૧/- પટેલ કનિષા હિતેષભાઈ ચિ. ધીસીના જન્મ દિને અમદાવાદ

૨૦૨/- પટેલ મેધાવી ગૌરાંગભાઈ અમદાવાદ
ચિ. સુહાની તથા અયાનના જન્મ દિને

૧૫૧/- પટેલ ચંદ્રિકાબેન સુભાષભાઈ અમદાવાદ
ચિ. અયાનની ચૌલક્રિયા નિમિત્તે

૨૦૦/- વાઘેલા વિજયસિંહ અશોકસિંહ ગોધાવી
ચિ. મનસ્વીબાના જન્મ દિને

૧૦૦/- ચૌધરી માનસીબેન ડાહ્યાભાઈ મકાખાડ
ધો-૧૦ માં સારા ટકા નિમિત્તે

૨૦૦/- પટેલ અંબાલાલ નાનદાસના સ્મરણાર્થે વડુ

૫૦૧/- પટેલ કમલેશભાઈ મફતભાઈ ચિ. મિત્સુના લગ્ન પ્રસંગે ગાંધીનગર

૨૦૧/- ચોટલીયા પરસોતમભાઈ ધનજીભાઈ સુરત
ફોરવીલ ગાડી લીધી તે નિમિત્તે

૧૦૧/- વાઘેલા હંસરાજસિંહ પૃથ્વીરાજસિંહ ધૂળેટી નિમિત્તે ગોધાવી

૧૦૧/- વાઘેલા મનહરબા મહેન્દ્રસિંહ ધૂળેટી નિમિત્તે ગોધાવી

૨૦૧/- સાપરીયા મનસુખ તુલસી ચિ. ભાવેશના લગ્ન પ્રસંગે ધૂળકોટ

૧૦૦૧/- પટેલ અનીલકુમાર જીવણભાઈ કેનેડા-રીઝાનીયા
પરીક્ષામાં પાસ થયા તે નિમિત્તે

૧૦૧/- પટલે ઘનશ્યામભાઈ બેચરભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ચિલોડા

૧૦૦/- ડાભી રજુજી શીવાજી શ્રીજી પ્રસન્નાર્થે ડાંગરવા

૧૦૦/- વાઘેલા વર્ષાબા કિરીટસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગરોડીયા

૧૦૦/- વાઘેલા કિરીટસિંહ બળવંતસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગરોડીયા

૧૫૧/- પટેલ કનૈયાલાલ દેજીભાઈ ચિ. વૈભવીના લગ્ન પ્રસંગે રતનપુર

૧૧૧/- મીસ્ત્રી વિહાબેન પરેશકુમાર પુત્રીના જન્મ પ્રસંગે લિંબોદરા

૧૧૧/- મીસ્ત્રી અરવિંદભાઈ ગોપાલદાસ જન્મ દિને ગાંધીનગર

૧૦૦/- ચૌહાણ આયુષસિંહ વજેસિંહના સ્મરણાર્થે ટાંકીયા

૧૦૧/- બારોટ ધર્મિષ્ઠાબેન બળદેવભાઈ ઝુલાસણ
દાદાની પુણ્યતિથિ નિમિત્તે

૧૦૦/- સાપરીયા બંસીભાઈ લાલજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ

૧૦૧/- પટેલ અલ્પેશભાઈ વિષ્ણુભાઈ ચિ. મેશ્વાના જન્મ દિને આનંદપુરા

૧૦૦/- મોરી જીવાભાઈ મુળજીભાઈ નવા મકાન નિમિત્તે કાલીયાણા

૧૦૦/- મોરી અશોકભાઈ કાનજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કાલીયાણા

૧૦૦/- મોરી અજીતભાઈ પથાભાઈ ચિ. પ્રિન્સના જન્મ દિને કાલીયાણા

૧૦૧/- પટેલ યુવરાજકુમાર ગોપાલભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાયડ

૧૦૧/- પટેલ બળદેવભાઈ પોપટભાઈ પૌત્ર શનયના જન્મ પ્રસંગે નાયકપુર

૫૦૦/- સિંધવ નરેન્દ્ર ધેલાભાઈ બાકરથાળી
પોલીસની નોકરી મળી તે નિમિત્તે

૫૦૦/- ગોહિલ અમિતકુમાર ચંદુભાઈ દેદાદરા
સરકારી નોકરી મળી તે નિમિત્તે

૧૦૦/- ચૌહાણ વેરૂજી ફુલાજી ટાંકીયા ટાંકીયા
મંદિરના ૩૨ માં પાટોત્સવ નિમિત્તે

૧૦૧/- ચૌહાણ હરિભાઈ ભીમજીભાઈ અમદાવાદ
ચિ. પૂનમના લગ્ન પ્રસંગે

૧૦૧/- ગાંધી પ્રજ્ઞાબેન દિનેશચંદ્ર જન્મદિન- ધૂળેટી નિમિત્તે સુરત

૧૦૦/- પટેલ કાનજીભાઈ મોતીભાઈ ધૂળેટી નિમિત્તે ખેરોલ

૫૦૦/- પટેલ શ્રેયસ રમણભાઈ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે વાવોલ

૫૦૦/- પટેલ મેહુલ રમણભાઈ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે વાવોલ

૧૦૦/- પટેલ ઝવેરબા નટવરભાઈ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે વાવોલ

૧૦૧/- ભાવસાર ભૂપેન્દ્રભાઈ પોપટલાલ જન્મ દિને ૩-૪ ચાંદખેડા

૧૦૧/- ભાવસાર ધવલ ભૂપેન્દ્રભાઈ ૧૧-૪ જન્મ દિને ચાંદખેડા

૧૦૦/- પરમાર જીવણલાલ લાલજીભાઈ ગાડી લાવ્યા તે નિમિત્તે બોપલ

૩૦૦/- પટેલ તેજેન્દ્ર પરસોતમભાઈ નવી ટ્રક લાવ્યા તે નિમિત્તે કડી

૧૦૧/- દરજી ભીખાભાઈ એસ. ચિ. પૌત્ર ઉજવલના જન્મ દિને દહેગામ

૨૦૦/- ચૌધરી વેલજીભાઈ બાપુજી શ્રીજી પ્રસન્નાર્થે બાલવા

૧૦૧/- મોદી ધ્રુવિલ અતુલકુમાર જન્મ દિને ગાંધીનગર

૧૦૦/- પટેલ વિષવાંગ અંકુરભાઈ જન્મ દિને અસલાલી

૧૦૦/- અમીન રાધિકા હિરેનકુમાર જન્મ દિને અસલાલી

૧૦૦/- પટેલ વિધિબેન જયદિપકુમાર શ્રીજી પ્રસન્નાર્થે સીમરીકંપા

૧૦૦/- પટેલ સમીરકુમાર મહેન્દ્રભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સીમરીકંપા

૧૦૧/- પટેલ પિયુષકુમાર રામાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સૂકાટીંબા

૧૦૦/- પટેલ કનુભાઈ શંકરદાસ શ્રીજી પ્રસન્નાર્થે આનંદપુરા

૧૫૧/- પટેલ મિત ગીરીશભાઈ તા. ૨૮-૩ જન્મ દિને કુબડથલ

૧૦૦/- કા. વિમલકુમાર નારણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ધનસુરા

૧૦૦/- મોદી નેહાબેન દિપકકુમાર બેન્કમાં નોકરી મળવા નિમિત્તે પ્રાંતિજ

૧૦૧/- પટેલ મુકતેજ રવિન્દ્રભાઈ નવું બાઈક લાવ્યા તે નિમિત્તે નરોડા

૧૦૦/- સભાયા દર્શન કિરણભાઈ બાપુનગર
શ્રી નરનારાયણદેવ પાટોત્સવ નિમિત્તે

૧૦૧/- પટેલ કેતનકુમાર રમણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાયડ

૧૦૧/- ભાવસાર સંજય વિરેન્દ્રકુમાર નોકરી મળી તે નિમિત્તે વિસનગર

૧૫૧/- ભાવસાર જીતેન્દ્ર અંબાલાલ ડભોડા
બાયપાસ સર્જરી સફળ થઈ તે નિમિત્તે

૧૦૧/- ભાવસાર મયુરી વિજય ચિ. યુગના જન્મ દિને વિસનગર

૧૫૧/- પટેલ મફતલાલ ચિ. ત્રિશા દેવલ ૪ થા જન્મ દિને માણેકપુર

૧૫૧/- પંચાલ કનુભાઈ ગોકળદાસ કવાંટવાળા
નવું એકટીવા લીધું તે નિમિત્તે

૧૦૦/- પટેલ બાપુલાલ ઈશ્વરલાલ શ્રીજી પ્રસન્નાર્થે કલોલ

૧૦૦/- ચૌહાણ કનૈયાલાલ પુરૂષોત્તમદાસ શ્રીજી પ્રસન્નાર્થે કલોલ

૧૦૦/- ચૌહાણ હરેશભાઈ પી. ચિ. આયુષના પ્રથમ જન્મ દિને રાજકોટ

૧૨૫/- અ.નિ. પટેલ માણેકબા મણીલાલ પ્રથમ પુણ્ય તિથિ નિમિત્તે દહેગામ

૨૦૦/- વાઘેલા મહેન્દ્રસિંહ અગરસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી

૧૦૦/- પટેલ મુકેશભાઈ જોઈતારામ પ્રથમ પુણ્ય તિથિ નિમિત્તે ડાંગરવા

૧૦૦/- ભાવસાર ધનલક્ષ્મીબેન વિનોદભાઈ ઈટાલીના વિઝા નિમિત્તે કલોલ

૧૦૦/- દરજી મનોજભાઈ અશોકભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નરોડા

૧૦૧/- સાપરીયા નિલકંઠભાઈ છગનભાઈ પુત્રીના જન્મ પ્રસંગે વલસાડ

૨૦૦/- પટેલ રાવજીભાઈ ચિમનભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ધમાસણા

૫૦૧/- મોદી લીલાબેન પ્રકાશકુમાર અમદાવાદ
ચિ. કુંદન એન્જી. પાસ થઈ નોકરી મળવા નિમિતે

૧૦૦/- મોદી અમરતલાલ મગનલાલ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ

૫૦૦/- પટેલ આકાશ મહેન્દ્રભાઈ જન્મ દિને ડાંગરવા

૧૧૧/- અ.નિ. મોદી ચંચળબેન રણછોડલાલ શ્રીજી પ્રસન્નાર્થે મહેસાણા

૧૧૧/- અ.નિ. મહેતા ડાહીબેન મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે સાબરમતી

૧૦૦/- પટેલ દિવ્યા અલ્કેશભાઈ જન્મ દિને અસલાલી

૧૦૧/- પટેલ અયાન વિમલભાઈ સ્કુલે ભણવા બેસાડ્યો તે નિમિત્તે ચાંદખેડા

૧૦૦/- અ.નિ. મિરાણી જીજ્ઞેશ રસિકલાલ શ્રીજી પ્રસન્નાર્થે આદીપુર (કચ્છ)

૧૦૧/- ભાવસાર ધવલકુમાર પૂનમચંદ ચિ. સિધ્ધના જન્મ દિને કેનબેરા

૧૦૦/- પટેલ અંકિત અંબાલાલ ચિ. રૂદ્રના જન્મ દિને વિહાર


| | | |
|---|---|---|
| ૧૦૧/- | પટેલ કૈલાશબેન સોમાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | વિહાર |
| ૧૦૧/- | હેત - કરન, જીલ શ્રીજી પ્રસન્નાર્થે | મહેમદાવાદ |
| ૧૦૧/- | ગાંધી હરિશાબેન સંજયકુમાર શ્રીજી પ્રસન્નાર્થે | મહેમદાવાદ |
| ૧૦૧/- | ગાંધી મંજુલાબેન વિઠ્ઠલભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | અમદાવાદ |
| ૧૦૧/- | મારૂતિ એક્ષક્યુલીવ ટેલર્સ ચિ. ભવ્યાના જન્મ પ્રસંગે | અમદાવાદ |
| ૧૦૧/- | ગાંધી મિતલબેન મિતેષકુમાર શ્રીજી પ્રસન્નાર્થે | અમદાવાદ |
| ૧૦૨/- | સવાણી પૃથ્વી જીતેન્દ્ર નોકરી મળી તે નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૦/- | મારવી પ્રિયા ધર્મેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | બોરીવલી |
| ૨૦૧/- | ડૉ. હાર્દિક એમ. અડાલીયા એમ.ડી.એસ. થયા તે નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૦/- | સહજાનંદ કિરાણા સ્ટોર્સ શ્રીજી પ્રસન્નાર્થે | બાલાસિનોર |
| ૧૦૦/- | ગજ્જર અમિત બળવંતભાઈ ચિ. તેજના જન્મ દિને | રાણીપ |
| ૧૦૦/- | ત્રિવેદી ઘનશ્યામભાઈ માણેકલાલ શ્રીજી પ્રસન્નાર્થે | ગાંધીનગર |
| ૧૦૧/- | પટેલ રાજેશભાઈ હીરાભાઈ નવી દુકાન નિમિત્તે | ડેમાઈ |
| ૧૦૦/- | કા. ચિમનલાલ મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે | મલાડ |
| ૧૦૦/- | મોદી રીટાબેન જયંતિભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | મુંબઈ |
| ૧૦૦/- | રામાભાઈ સોમાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | નરોડા |
| ૧૦૧/- | પટેલ રતીલાલ ઈશ્વરભાઈ જન્મ દિને | મોટેરા |
| ૧૫૧/- | રાઓલ રાજેન્દ્રસિંહ અભેસિંહ શ્રીજી પ્રસન્નાર્થે | મિતલી |
| ૧૫૧/- | પરમાર રણજીતસિંહ કનુભા શ્રીજી પ્રસન્નાર્થે | સાણંદ |
| ૧૦૧/- | હિરવાણી રીયા દેવાંગ ચિ. રિધાનશીના જન્મ દિને | મુંબઈ |
| ૧૦૧/- | કા. દિપીકાબેન અજયભાઈ ચિ. રિધાનશીના જન્મ દિને | મુંબઈ |
| ૧૦૦/- | પટેલ જયાબેન રમેશચંદ્ર ચિ. રિધાનશીના જન્મ દિને | મુંબઈ |
| ૧૫૧/- | પટેલ રામભાઈ મોહનલાલ ઓપરેશન સફળ થયું તે નિમિત્તે | મોખાસણ |
| ૧૦૧/- | મિસ્ત્રી સુશીલાબેન પ્રાણભાઈ નવા મકાન નિમિત્તે | રતનપર |
| ૧૦૦/- | પટેલ દવાભાઈ વશરામભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | મણીયોર |
| ૧૦૦/- | પટેલ જોય કલ્પેશકુમાર જન્મ દિને | ડાંગરવા |
| ૫૦૦/- | પટેલ દિપેન પ્રવિણભાઈ પી.એસ.એસ. કં.માં જોબ નિમિત્તે | જોરણંગવાળા |
| ૧૦૦/- | પટેલ સીતારામભાઈ એન. ચિ. પૌત્ર નિલને એમ.બી.એ.માં ફર્સ્ટ કલાસ નિમિત્તે | ઉંઝા |
| ૧૦૦/- | પટેલ અશ્વિનભાઈ એસ. ચિ. અવિકુમાર બી.ઈ. સિવિલ એન્જી.માં પાસ થવા નિમિત્તે | ઉંઝા |
| ૧૦૦૦/- | પટેલ બિપીનચંદ્ર ગોપાલભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | વિહાર |
| ૨૫૧/- | પટેલ મફતલાલ એન. ચિ. ધ્રુવ અને મૌલિકના જન્મ દિને | માણેકપુર |
| ૧૦૦/- | પટેલ ગીરીશભાઈ ગોવિંદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | પરઢોલ |
| ૧૦૦/- | રાવલ હંસાબેન કાંતિલાલ તેમના માતુશ્રી મધુમા ના જન્મ દિને | કાલીયાણા |
| ૧૦૦/- | અ.નિ. પટેલ અરવિંદભાઈ બળદેવભાઈના સ્મરણાર્થે | મારૂસણા |
| ૧૦૦/- | પટેલ મહેન્દ્રભાઈ અંબાલાલ શ્રીજી પ્રસન્નાર્થે | મોટેરા |
| ૧૦૦/- | પટેલ મહેન્દ્રભાઈ અંબાલાલ શ્રીજી પ્રસન્નાર્થે | મોટેરા |
| ૧૦૦/- | ભાવસાર નિમિષકુમાર ઈશ્વરલાલ ગાડી નિમિત્તે | મોટપ |
| ૫૦૦/- | પટેલ સંકેતકુમાર ચંદુભાઈ તથા ધવલકુમાર રમણભાઈ શ્રીમંત પ્રસંગે | લાલોડા |
| ૨૦૦/- | ઉપાધ્યાય કુમુદચંદ્ર જે. શ્રીહરિ જયંતી નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૦/- | વાઘેલા હાલુભા અચુભા શ્રીજી પ્રસન્નાર્થે | ખોડા |
| ૧૦૦/- | પટેલ પુલકિત ગાંડાભાઈ રામનવમી નિમિત્તે | ગોવિંદપુરા વેડા |
| ૨૦૦/- | પટેલ અરવિંદભાઈ ત્રિકમદાસ રામનવમી પ્રસંગે | કરજીસણ |
| ૨૦૦/- | પટેલ ભરતકુમાર કેશવલાલ ચિ. અપૂર્વના લગ્ન પ્રસંગે | નારદીપુર |
| ૧૦૦/- | આનંદીબેન રસિકલાલ શ્રીજી પ્રસન્નાર્થે | વહેલાલવાળા |
| ૧૦૦/- | ઝાલા ઘનશ્યામસિંહ વાઘુભા ભાણુભા કર્મદિપસિંહ પાસ થાય તે નિમિત્તે | અડવાળ |
| ૧૦૦/- | ઝાલા કિરિટસિંહ વાઘુભા સગાઈ નિમિત્તે | અડવાળ |
| ૫૦૦/- | રાણા જગતસિંહ બી. રામનવમી પ્રસંગે | દહેગામ |
| ૧૦૧/- | પટેલ મંગળભાઈ શિવરામ નવી ગાડી નિમિત્તે | ચાંદીસણા |
| ૫૦૧/- | પટેલ વાડીલાલ મનજીભાઈ ચાર ધામ યાત્રા નિમિત્તે | ગોઠીબ |
| ૫૦૧/- | પટેલ ભાવનાબેન વાડીલાલ ચારધામ યાત્રા નિમિત્તે | ગોઠીબ |
| ૨૦૧/- | પટેલ મેહુલકુમાર રતિલાલ ચિ. હેમીલના જન્મ પ્રસંગે | અમદાવાદ |
| ૨૦૦/- | પટેલ તેજસભાઈ મોહનભાઈ પુત્ર જન્મ પ્રસંગે | માણેકપુર |
| ૧૦૧/- | પટેલ વિષ્ણુભાઈ જેઠાલાલ શ્રીજી પ્રસન્નાર્થે | જગુદણ |
| ૧૦૦/- | પટેલ માધાભાઈ ગોપાલદાસ પુણ્ય તિથિ નિમિત્તે | ઈટાદરા |
| ૧૦૧/- | પટેલ વૈશાલીબેન કેતનકુમાર ખુશાલી નિમિત્તિ | ઉંઝા |
| ૧૧૧/- | પટેલ ભગવતીબેન લક્ષ્મણભાઈ ચિ. વિકાશની ખુશાલી નિમિત્તે | ઉંઝા |
| ૨૦૦/- | પટેલ શૈલેન્દ્રકુમાર ડાહ્યાભાઈ તા. ૧૮-૩ સ્મરણાર્થે | ડેમાઈ |
| ૧૦૧/- | પટેલ સવિતાબેન ગોવિંદભાઈ જન્મ દિને | રાણીપ |
| ૨૦૦/- | પટેલ પિયુષભાઈ જેશંગભાઈ નવા ઘરમાં પ્રવેશ નિમિત્તે | બાયડ |
| ૧૦૦/- | અ.નિ. પટેલ ધીરૂભાઈ હિરાભાઈના સ્મરણાર્થે | આકરૂંદ |
| ૧૦૧/- | ગં.સ્વ. ત્રિવેદી જશોદાબેન કીર્તનલાલના સ્મરણાર્થે | બાલાસિનોર |
| ૧૦૧/- | ગાંજાવાલા હર્ષાબેન વી. રામનવમી જન્મ દિને | અમદાવાદ |
| ૧૦૧/- | ગાંધી દિનેશચંદ્ર જે. શ્રીજી પ્રસન્નાર્થે | સુરત |
| ૨૫૧/- | ભટ્ટ કાર્તિક નરેન્દ્રકુમાર સગાઈ નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૦/- | ભટ્ટ વિજય પ્રવિણચંદ્ર સ્વાસ્થ્ય સારૂ થયું તે નિમિત્તે | જીવરાજપાર્ક |
| ૧૦૦/- | પટેલ સવિતાબેન વિઠ્ઠલદાસ રામનવમી પ્રસંગે | કલોલ |
| ૧૦૦/- | અષાઢીબેન ડોકટરમાં પાસ થયા તે નિમિત્તે | વેજલપુર |
| ૧૧૧/- | ભાવસાર હર્ષિત પી. જન્મ દિને | બોપલ |
| ૧૦૦/- | પટેલ વિક્રમભાઈ ઈશ્વરદાસ ચિ. ચેલ્સીના જન્મ દિને | વાગોસણા |
| ૧૦૦/- | ભાવસાર ચંદુભાઈ પુરૂષોત્તમદાસ ૮૨ માં જન્મ દિને | નવાવાડજ |
| ૧૦૦/- | ધરણી, શિરાલી, ઉન્નત શ્રીહરિ પ્રાકટ્યદિન નિમિત્તે | આકરૂંદ |
| ૨૫૧/- | પટેલ સતીષભાઈ પુરૂષોત્તમદાસ નવું એકટીવા લીધું તે નિમિત્તે | ગામડીવાળા |
| ૧૦૦/- | ગોદડ ક્રિસીવ કુલદિપ જન્મ દિને | ઉંઝા |
| ૧૦૦/- | પટેલ ગંગોત્રી કિશન ઓસ્ટ્રેલિયાના પી.આર. મળ્યા તે નિમિત્તે | અડાલજ |
| ૧૦૦/- | પટેલ કિશન કમલેશભાઈ ઓસ્ટ્રેલીયાના પી.આર. મળ્યા તે નિમિત્તે | અડાલજ |
| ૧૦૧/- | પટેલ નંદીબેન ચંદ્રકાન્ત શ્રીલંકા પ્રવાસ નિમિત્તે | અસલાલી |
| ૧૦૧/- | મીસ્ત્રી જયશ્રીબેન કાંતિલાલ શ્રીલંકા પ્રવાસ નિમિત્તે | પેથાપુર |
| ૧૦૧/- | પટેલ કોકીલાબેન પ્રવિણચંદ્ર શ્રીલંકા પ્રવાસ નિમિત્તે | મહિજ |
| ૧૦૦/- | પટેલ નિલેષકુમાર બિપીનભાઈ આઈ. જન્મ દિને | વાવોલ |
| ૧૦૦/- | અ.નિ. પટેલ રંભાબેન શીવાભાઈ ૨૧ મી પુણ્ય તિથિ નિમિત્તે | મણીપુરા |
| ૧૫૧/- | પટેલ મુકેશભાઈ કુબેરભાઈ ઉમંગને આઈલેટસ પરીક્ષામાં ૭ બોન્ડ નિમિત્તે | વિહાર |
| ૧૫૧/- | પટેલ પ્રભુભાઈ ત્રિભોવનભાઈ નવું મકાન નિમિત્તે | ટ્રેન્ટ |
| ૧૦૦/- | મોદી અમરતલાલ મગનલાલ શ્રીહરિ પ્રાગટ્ય દિન નિમિત્તે | સેટેલાઈટ |
| ૨૦૧/- | પટેલ ભીખાભાઈ હસુભાઈ ઓપરેશન સફળ થયું તે નિમિત્તે | બાવળા |
| ૧૦૦/- | અ.નિ. પટેલ વિમળાબેન રતીલાલના સ્મરણાર્થે | કનીપુર |
| ૧૦૦/- | પટેલ જયદિપભાઈ મહેન્દ્રભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | સીમરીકંપા |
| ૧૦૦/- | પટેલ ભારતીબેન જયદિપભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | સીમરીકંપા |
| ૨૦૦/- | પ્રજાપતિ બટુકભાઈ માવજીભાઈ શ્રીહરિ જયંતી રામનવમી પ્રસંગે | બાવળા |
| ૧૦૧/- | સિંધવ અમરશીભાઈ નારણભાઈ શ્રીહરિ ભજનનું બળ આપે તે નિમિત્તે | બળોલભાલ |
| ૨૦૦/- | પટેલ લીલાબેન ગોરધનભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | કુબડથલ |
| ૧૦૧/- | પટેલ સુરેશભાઈ પશાભાઈ ચિ. નવ્યાનું નામકરણ નિમિત્તે | ઉનાવા |
| ૨૫૦૦/- | પટેલ દશરથભાઈ પ્રહલાદભાઈ નવી ઓફિસ લીધી તે નિમિત્તે | જમીયતપુરાવાળા |

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.

















૧.રામનવમીના કાલુપુર મંદિરમાં પ.પૂ.લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં શ્રી ઘનશ્યામ પ્રાકટ્યોત્સવ ઉજવાયો. ૨.કાલુપુર મંદિરમાં હનુમાન જયંતી નિમિત્તે શ્રી હનુમાનજી સમક્ષ અન્નકૂટ દર્શન. ૩. કણભા મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી. ૪.ભાવનગરપુરામાં પારાયણ પ્રસંગે પ.પૂ.લાલજીમહારાજશ્રી પધાર્યા હતા.૫.અંજલી (વાસણા) મંદિરમાં મારૂતિયજ્ઞ. ૬. આપણા એટલાન્ટા મંદિરમાં શ્રી નરનારાયણ દેવ જયંતીના ફૂલદોલોત્સવના દર્શન.૭. આપણા સીનેમીન્સન (ન્યુજર્સી) મંદિરમાં હનુમાન જયંતી નિમિત્તે મારૂતિ યજ્ઞમાં લાભ લેતા હરિભક્તો.

Registered under RNI-GUJ Guj /2007/20221 "Permitted to post at Ahd. PSO on 11 the every month under postal REG. No. GAMC. - 003/15-17 issued ssp Ahd Valid up to 31-12-2017 Licenced to Post without pre payment No. CPMG/GJ/01/2015 valid up to 31-12-2017



























૧.મેલબોર્ન (ઓસ્ટ્રેલિયા) મંદિરમાં સભામાં આશીર્વચન આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી. ૨.એડીલેડ મંદિરમાં સભામાં આશીર્વચન આપતા પ.પૂ.મહારાજશ્રી. ૩.પર્થ મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારતા પૂ. મહારાજશ્રી સાથે પી.પી.સ્વામી (નાના)તથા હરિભક્તો. ૪. સીડની મંદિરમાં ઠાકોરજીનો અભિષેક કરતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી .૫. શિકાગો મંદિરમાં સમૂહ મહાપૂજા અને સભામાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન કરતા હરિભક્તો. ૬. ડીટ્રોઈટ મંદિરમાં રામનવમીનું પૂજન. ૭.રીચમન્ડ (યુ.એસ.)માં પ.પૂ.મહારાજશ્રી સત્સંગ પ્રચાર દરમ્યાન બાળકો સાથે પ્રસન્ન મુદ્રામાં. ૮.આઈ. એસ.એસ.ઓ.ના નવા ચેપ્ટર જેકસનવિલે-મીસીસીપીમાં પૂ.મહારાજશ્રીના સાંનિધ્યમાં સત્સંગ સભા.

Praful Kharsani